**તા.૩૦ /૧૦/૨૦૧૮ના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્ય નોંધ.**

**સભામાં હાજર રહેલા સભયશ્રીઓ.........**

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | આહીર પંકજભાઈ ઠાકોરભાઈ | પ્રમુખ |
| ૨. | દેસાઇ ઊર્મી આશીષકુમાર | ઉપપ્રમુખ |
| ૩. | ટંડેલ નિમિષાબેન ગીરીશકુમાર | સભ્ય |
| ૪. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૫. | રાઠોડ રાજેશભાઈ દશરથભાઈ | સભ્ય |
| ૬. | પટેલ ઉજેશકુમાર ઇશ્વરભાઇ | સભ્ય |
| ૭. | પટેલ છાયાબેન ઉમેશભાઈ | સભ્ય |
| ૮. | પટેલ ઉર્વશી રાજેશભાઈ | સભ્ય |
| ૯. | રાણા હિતેશ સુરેશભાઇ | સભ્ય |
| ૧૦. | પટેલ દિવ્યા કલ્પેશભાઇ | સભ્ય |
| ૧૧. | રાણા મહેમુદા ઇસ્માઇલભાઈ | સભ્ય |
| ૧૨. | વાડીવાલા મહેન્દ્રભાઇ ભગુભાઈ | સભ્ય |
| ૧૩. | દેસાઇ ગિરીશભાઈ ભગવાનજીભાઈ | સભ્ય |
| ૧૪. | ઠાકોર કમળાબેન અવધેશકુમારસિંગ | સભ્ય |
| ૧૫. | રાજાણે ચેતનાબેન રાકેશભાઈ | સભ્ય |
| ૧૬. | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૭. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૮. | પટેલ મનીષા વિજયભાઇ | સભ્ય |
| ૧૯. | ભાનુશાલી કલ્પના રાજેશભાઈ | સભ્ય |
| ૨૦. | ભાનુશાલી પ્રવિણભાઈ પરસોત્તમ | સભ્ય |
| ૨૧. | પટેલ ભારતીબેન મનોજભાઈ | સભ્ય |
| ૨૨. | સોલંકી સોનલ તેજશભાઈ (જૈન) | સભ્ય |
| ૨૩. | માળી યશેષ જયસુખભાઈ | સભ્ય |
| ૨૪. | શેખ સબીના સાજીદ | સભ્ય |
| ૨૫. | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૨૬. | પટેલ રમેશભાઈ મંગળદાસ | સભ્ય |
| ૨૭. | કાઝી ઇમ્તિયાઝુદ્દીન મીયાંમોહમદ | સભ્ય |
| ૨૮. | પટેલ જેષ્ટીકા દર્શનભાઈ | સભ્ય |
| ૨૯. | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઇ | સભ્ય |
| ૩૦. | આહીર રૂષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૩૧. | ઓઝા ડો.પુષ્પાબેન રામજોર | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩૨. | પટેલ ભરતભાઇ છોટુભાઈ | સભ્ય |
| ૩૩. | વશી નિતેશભાઇ મહાદેવભાઇ | સભ્ય |
| ૩૪. | પટેલ સોનલબેન કિશોરભાઇ | સભ્ય |
| ૩૫. | પટેલ કિન્નરીબેન અમીષભાઇ | સભ્ય |
| ૩૬. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઇ | સભ્ય |
| ૩૭. | પટેલ પ્રવીણભાઈ સોમાભાઇ | સભ્ય |
| ૩૮. | પટેલ હેતલકુમારી જયેશભાઇ | સભ્ય |
| ૩૯. | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |
| ૪૦. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૪૧. | મહાકાલ રવીન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, આજની આ સભામાં ઉપસ્થીત સૌ મારા સાથી સભ્યશ્રીઓ,તેમજ ચીફ ઓફિસર શ્રી વસાવા સાહેબ, અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ, પત્રકારો મિત્રો, નગરજનોને સૌને આવકારું છું.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સૌને મારા નમસ્કાર.દિવાળી અને નવા વર્ષની સૌને શુભકામના.. દિવાળીના પ્રકાશમય ઉજ્વલ અને આનંદમય બને, નવું વર્ષ નિમિત્તે સૌને શુભેચ્છા સહ પરમાત્માને પ્રાર્થના.
નગરપાલિકા ટીમ વતી હું સૌને શુભેચ્છાની સાથે સ્વચ્છતા સબંધિત આખા દેશમાં અભિયાન ચાલી રહેલ છે. એમાં વલસાડ નગરપાલિકા પણ સ્વચ્છતા અભિયાનમાં સૌના સાથ અને સહકારથી સૌ જોડાઈએ.

પૂર્વ માજી વડાપ્રધાનશ્રીને પદ્મ વિભૂષણ -૧૯૯૨ તેમજ ભારત રત્ન -૨૦૧૪ એવોર્ડથી સન્માનીત મહાન વિભૂતીનું તા:-૧૬/૦૮/૨૦૧૮ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. આ પ્રસંગની નોંધ લઈ મહાન વિભૂતિના આત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલી આપી. અને સૌએ ૨ મીનીટનું મૌન પાડ્યુ.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે, સ્વ.શ્રી અટલ બિહારી વાજપાઈના જીવન અને કાર્ય વિશે સભામાં સૌને માહિતગાર કર્યા.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,સ્વચ્છતા માટે વલસાડ નગરપાલિકાએ ડોર ટુ ડોર કલેકશન કામગીરી કરી છે. સમગ્ર વલસાડ માંથી સૂકો અને ભીનો કચરો તેને અલગ રીતે સેગ્રીગેશન કરી સરળતાથી યોગ્ય નિકાલ થાય. અને શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે. શહેરી જનોના સ્વાસ્થ્ય સારા રહે તેવા ઉમદા હેતુથી વલસાડ નગરપાલિકાએ ઓનલાઈન ફરિયાદ માટે ફોનની સેવાઓ ઉપલબ્ધ કરી છે. શહેરી જનોના હિતમાં આ કામગીરીમાં સૌ સાથ આપે. તેમજ ડોર ટુ ડોર કલેક્શનના સાધનો વ્હીકલો ઉપર GPRS સિસ્ટમ લગાવેલ છે. શહેરના રસ્તાઓના રૂટ ઉપર નક્કી થયેલ પોઈન્ટ ઉપરથી તેઓ કચરાનું કલેક્શન કરશે. તેમજ નગરપાલિકાના સ્ટોલ,દુકાન ધારકોના ભોગવટા દારોના નામ ટ્રાન્સપર અંગે કારોબારી કમિટીમાં મંજુર કરી આજની સામાન્ય સભામાં મહત્વ પૂર્ણ નિર્ણય લઈ રહ્યા છીએ. સૌ સાથે મળી નગરના વિકાસના કામો કરીએ. અને શહેરની આગવી ઓળખ સ્થાપી શકીએ. એ માટે સૌનો સહકાર ઈચ્છીએ છીએ. હવે આપણે એજન્ડાના કામો ઉપર આવીએ.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેર ખાન પઠાણએ જણાવ્યુ કે, આગામી સામાન્ય સભામાં મહાત્મા ગાંધી લાઈબ્રેરીના કામ અંગે કોઈ પણ જાતના તુમારો સિવાય કે ઈજનેરશ્રીના બિલ્ડીંગ માટે ભય જનક હોવાના રીપોર્ટ નથી. અને આગવી ઓળખના કામ તરીકે લેવામાં આવેલ છે. જે કામ મુલત્વી રાખવા જણાવેલ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,ઈજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ મહાત્મા ગાંધીજીના ૧૫૦ મી જન્મ જયંતિ અને જેઓને રાષ્ટ્રપિતા તરીકે ઓળખવામાં આવે છે. એવી મહાન વિભૂતીને સાચી શ્રદ્ધાંજલી આપવા અને આગવી ઓળખના કામો તરીકે કામ લેવામાં આવેલ છે. સદર કામને સરકારશ્રીની યોજના હેઠળ કામોમાં સમાવેશ થયેલ હતો.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, ૧૯૭૮ માં મકાન બનાવવામાં આવેલ હતું અને મકાન સબંધે ઈજનેરશ્રીનો રીપોર્ટ આવેલ છે.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે જણાવ્યુ કે, મારી અરજીમાં ત્રણ પ્રશ્નો જણાવેલ હતા. જેની માહિતી મળેલ નથી. માનનીય અધ્યક્ષશ્રીએ દિન ત્રણ માં માહિતી મળી જશે એમ જણાવેલ. આજ દિન સુધી માહિતી મળેલ નથી. સરકારશ્રીના મંત્રીશ્રી, પ્રભારી મંત્રીશ્રી જુદા-જુદા પત્રો આવતા હોય છે. જેમાં સૉફ્ટવેર વિષેની માહિતીનો જવાબ આપ્યો નથી. સોફ્ટવેરના કયા-કયા કામો કાર્યરત છે.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે, અમોએ રજૂ કરેલ પત્રમાં વિવિધ આંતરિક બદલીઓ થઈ શકે કે નહિ. એક કર્મચારીને એક જ જગ્યાએ ઘણા લાંબા સમયથી કોની રહેમ નજર હેઠળ બદલી કરતાં નથી.નામજોગ માહિતી રજુ કરેલ છે.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, નગરપાલિકામાં રૂટીન બદલી થઈ શકે છે.

સભ્યશ્રી મહેબુબ ગુલશેર ખાન પઠાણે જણાવ્યુ કે બદલી થવી જોઈએ. સરકારશ્રીની ગાઈડ લાઇન શું છે?

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે,નગરપાલિકામાં નાના-મોટા પ્રોજેક્ટના કામો તેમજ અન્ય કામો થાય છે. કોઈ વ્યક્તિ સાથે અસંતોષ હોય, તો રજુઆત કરી શકો છો. જાહેર વિશાળ હિતમાં નિર્ણય લઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, એજન્ડાના કામો ઉપર આવીએ. નગરના હિતમાં કામો કરીએ. જો કોઈ કર્મચારી ગેરવર્તણૂક કરે તો શિક્ષા થશે. ખાતરી આપું છું.

<u>જ.બો.ઠ.નં.-૫૮૬/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>

<u>કામ નં.–૧.</u>

<u>વિષયઃ–</u> તા.ઃ ૨૭–૪–૨૦૧૮ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત..

દ.મુ.:- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ.:- શ્રી ઉર્મિબેન દેસાઇ

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે,સૉફ્ટવેર સબંધિ માહિતી મળી નથી.આગામી સામાન્ય સભાના એજન્ડા પર મહાત્મા ગાંધી લાઇબ્રેરીનું કામ લેવામાં આવેલ નથી. ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ ની ઉજવણી કેન્દ્ર સરકાર કરી રહી હોય તેવી મહાન વ્યક્તિના નામો પરથી બનાવેલ લાઈબ્રેરી કયા વર્ષમાં બંધાવેલ અને જેની લાઈફ કેટલી હોય?,આર એન્ડ બી ડિપાર્ટમેંટ પાસે મકાન જર્જરિત હોવાનું રીપોર્ટ રજુ કરેલ છે કે કેમ? ભારત રત્ન,નિશાને-પાકિસ્તાન એવા માજી વડાપ્રધાન મોરારજી દેસાઇની પ્રતિમા APMC માર્કેટ સામે સ્વ.અશોકભાઇ ભટ્ટ દ્વારા મૂકવામાં આવેલ છે. જે ખંડેર હાલતમાં છે. જેની મરામત કરવા તેમજ મોરારજી દેસાઇ લાઈબ્રેરી રીપેરીંગ કરાવીએ.

સભ્યશ્રી રમેશભાઈ પટેલે જણાવ્યુ કે,શાસક પક્ષના નેતા સ્ટેજ ઉપર બેસી રજુઆત ન કરી શકે.

વિપક્ષના સભ્યશ્રીઓ નિતેશભાઈ વશી. મહેબુબ ગુલશેર ખાન પઠાણ, ઉર્વશીબેન પટેલ,સોનલબેન પટેલ, શેખ સબીના,શેખ નઝમા વિગેરે ખુરશી છોડી નીચે બેસી ગયા.

પ્રમુખશ્રીએ સૂચન કર્યું કે, કોઇની સત્તા છીનવી રહ્યા નથી. સભાનું સંચાલન વિકાસના કામો સાથે કરીએ. જૂની પ્રણાલી મુજબ બેઠા છે.ચર્ચાને અંતે પ્રમુખશ્રીના સૂચન બાદ સભાનું કામકાજ આગળ ચલાવવામાં આવ્યું.

સભ્યશ્રી ગિરીશભાઈ દેસાઇએ જણાવ્યુ કે, સભા સંચાલન અધ્યક્ષ સ્થાનેથી થાય છે. અને પ્રમુખ જ કરશે.વિકાસના કામોમાં સૌ સાથે મળી એજન્ડાના કામો ઉપર આવીએ. ડમ્પિંગ સાઈડની જગ્યા માટે લીલાપોર ગ્રામ પંચાયત તેમજ તાલુકા પંચાયત ઠરાવ કરી આપવા માટે ના પાડેલ છે.એની જગ્યાએ ભાગડાવડાની અંદાજે ૭ લાખ ચો.મીટર સરકારી પડતર જમીન માંથી એક લાખ ચોરસ મીટર જગ્યા માંગવામાં આવે. તો ઘણી રાહત થાય.સને-૨૦૧૧ ની વસ્તી ગણતરી તેમજ નજીક આવેલા ૯ ગામો અર્બન વિસ્તાર તરીકે ભાગડાવડા સહિત આવે છે. જેઓની હાલની વસ્તી ૧૫ હજાર ઉપર થવા જાય છે. અને આ ગામો વસ્તીના આધારે જોતાં નજીકના સમયમાં ૨૫ હજારની વસ્તી થશે.સમય જતા આ ગામો અર્બન વિસ્તારમાં ભેળવવામાં આવશે. ભવિષ્યનો વિચાર કરી સફાઈ અભિયાન ઝુંબેશને આગળ વધારવા ડમ્પિંગ સાઇડ અને નવો પ્લાન્ટ અંગે કામ કરવા ઉપયોગી થશે.માટે ભાગડાવડાની સરકારી પડતર જમીન મેળવવી સરળ રહેશે. જે અંગે જરૂરી દરખાસ્ત કરવાનું સભામાં સૂચન કર્યું.

સભ્યશ્રી કલ્પનાબેન રાજેશભાઈ ભાનુસાલી ગયા.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, કલેક્ટરશ્રી નિર્ણય કરે એટલે આગળ વધીએ.

સભ્યશ્રી ગિરીશભાઈ દેસાઇએ જણાવ્યુ કે, કામ નં:-૧ માં અમારી રજુઆત છે કે ડોર ટુ ડોર કચરા કલેક્શન યુઝર્સ ચાર્જમાં ૩૦૦ રૂપિયા યોગ્ય નથી. ૩૦૦ રૂપિયા વધારો કરતાં વાર્ષિક રૂપિયા ૩૬૦૦/- થાય છે. જે વ્યાજબી નથી. માસિક રૂ/-30/- માટે સૂચન તથા નવા યુઝર્સ ચાર્જમાં દાખલ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની થાય છે. અને નવા વેરા ૧ એપ્રિલ, ૧ જુલાઇ,૧ ઓગસ્ટ અને ૧ જાન્યુઆરીથી અમલ કરી શકાય છે. જે મુજબ અમારા સૂચન મુજબ માસિક રૂ/-30/- નો અમલ તા:-0૧/0૪/૨૦૧૯ થી દાખલ કરવાનું સભાનું સૂચન છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, નગરપાલિકાએ ડોર ટુ ડોર કલેક્શન અલગ-અલગ વિસ્તારોમાં રૂટ બનાવી આ સેવાઓ પૂરી પાડવા માટે નગરપાલિકાએ સ્વચ્છતા અભ્યાન હેઠળ શહેરી જનોને સારી સેવાઓ ઉપલબ્ધ કરવા માટે કટિબદ્ધતા દાખવેલ છે. સારી સેવાઓની સાથે આરોગ્ય વિભાગને સધ્ધર, સક્ષમ પગભર થવાના પ્રયાસ રૂપે ગત સામાન્ય સભામાં યુઝર ચાર્જિસ માટે કામ લેવામાં આવેલ હતું. નગરપાલિકાની નાણાકીય પરિસ્થિતિમાં સુધારો લાવવો આવશ્યક છે. લાંબા ઘણા સમયથી નગરપાલિકાએ આવા યુઝર ચાર્જિસો દાખલ કરેલ નથી. આ સંદર્ભે આવેલ વાંધાઓને ધ્યાનમાં લઈ મિલકત ધારકોને પોષાય તેવો નજીવા દરે યુઝર ચાર્જિસ દાખલ કરવાનું સુચન કર્યું.

સભ્યશ્રી સોનલબેન પટેલ, ઉજેશભાઈ પટેલ વિગેરે વિપક્ષના સભ્યશ્રીઓએ રૂપિયા ૩૦૦/- વધારવા માટે પોતાનો વિરોધ નોંધાવ્યો. સુચનો રજુ કરવાનો અબાધિત હક્ક રાખેલ છે.

ચર્ચા વિચારણાના અંતે સેનેટરી સબંધિત કામગીરીને સક્ષમ કરવા માટે યુઝર ચાર્જિસ વસુલવા આવશ્યક છે. શહેરી જનોને પોષાય અને સારી સેવા મળે એવા શુભ આશ્રયથી સર્વાનુમતે નિભાવ પેટે યુઝર ચાર્જિસ નીચે મુજબ લેવાનું નક્કી કરવામાં આવ્યું.

ડોર ટુ ડોર ધન કચરા કલેકશન માટેના યુઝર ચાર્જીસ

( વાણીજ્ય અને ઓધોગિક પ્રવુતિઓ માંથી કચરો ઉત્પન કરનારા ઓ માટે)

| પ્રકાર | હાલના ચાર્જીસ | નવા ચાર્જીસ |
|---|---|---|
| રહેણાંક , | - | રૂ. ૩૦ માસિક |
| ઓફિસ , રીટેલ શોપ નાના કોમર્શિયલ એકમો ઓપીડી દવાખાના | -- | રૂ. ૫૦ માસિક |
| હોટલ સ્ટોરેન્ટ લોજ - ભોજનાલય, શોપિંગ મોલ વિ. | -- | રૂ,૩૦૦ માસિક |
| લગ્નની વાડીઓ, સાંસ્કૃતિક હોલ, ટાઉન હોલ | -- | રૂ,૨૦૦ માસિક |
| હોસ્પિટલ/ નર્સિંગ હોમ કલીનીક | -- | રૂ,૩૦૦ માસિક |
| ઔધોગિક | -- | રૂ,૧૦૦૦ માસિક |

હવે પછી ઉપરોક્ત યુઝર ચાર્જિસ વસૂલ કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં બલ્બ વેસ્ટ જનરેટ કર્તા મિલકત ધારકો ૧૦૦ કિ.ગ્રા. થી વધારે ભીનો કચરો દૈનિક ઉત્પન્ન થતો હોય, તેઓએ પોતાની રીતે ઓનસાઈટ OWC મશીનો અંગેની વ્યવસ્થા જો ઊભી ન કરે તો પછી તેવા મિલકત ધારકો પાસે રૂપિયા ૫૦૦/- લેખે માસિક યુઝર ચાર્જ વસૂલ કરવાનું નક્કી કર્યું. તેમ છતાં જો સદર કામગીરીની અમલવારીમાં નિષ્કાળજી દાખવે તો ,દંડ પેટે રૂપિયા ૨૦૦૦/- વસૂલ કરવાનું ઠરાવવામાં આવે છે. અન્ય વિગતો નીચે મુજબ છે.

| પ્રકાર | હાલના ચાર્જીસ | નવા ચાર્જીસ | સેગ્રીગેટ કરીને કચરો આપે તો | સેગ્રીગેટ વગર નો કચરો આપતો | પ્રોસેસિંગ યુનિટ લગાડે તો (કચરા માંથી ખાતર બનાવવાનુ) |
|---|---|---|---|---|---|
| હોટલ સ્ટોરેન્ટ લોજ - ભોજનાલય, શોપિંગ મોલ વિ. | -- | રૂ,૩૦૦ માસિક | ચાર્જીસ માં ૨૦% ડિસ્કાઉન્ટ | ચાર્જીસ માં ૨૦% પેનલ્ટી | ૫૦% ડિસ્કાઉન્ટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લગ્નની વાડીઓ, સાંસ્કૃતિક હોલ, ટાઉન હોલ | -- | રૂ.૩૦૦ માસિક | ચાર્જીસ માં ૨૦% ડિસ્કાઉન્ટ | ચાર્જીસ માં ૨૦% પેનલ્ટી | ૫૦% ડિસ્કાઉન્ટ |
| હોસ્પિટલ/ નર્સિંગ હોમ કલીનીક | -- | રૂ.૩૦૦ માસિક | ચાર્જીસ માં ૨૦% ડિસ્કાઉન્ટ | ચાર્જીસ માં ૨૦% પેનલ્ટી | ૫૦% ડિસ્કાઉન્ટ |
| ઔધોગિક | -- | રૂ.૧૦૦૦ માસિક | ચાર્જીસ માં ૨૦% ડિસ્કાઉન્ટ | ચાર્જીસ માં ૨૦% પેનલ્ટી | ૫૦% ડિસ્કાઉન્ટ |

સભ્યશ્રી સંજયભાઈ ચૌહાણે જણાવ્યુ કે, જાહેર ખબર એક જ પેપરમાં આવે છે.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, માહિતી ખાતા દ્વારા અપાય છે.

સભ્યશ્રી મહેબુબ ગુલશેર ખાન પઠાણ- નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે, માજી વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઇ માટે નગરપાલિકાએ ઠરાવ કરેલ છે. પરંતુ તકતી લાગી નથી. આગામી ૨૬ મી જાન્યુઆરીએ આયોજન કરીએ. જે માટે શ્રી નટુભાઇ દેસાઈને અગાઉ પત્ર પાઠવેલ છે.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલે જણાવ્યુ કે,મારી તા:-૨૪/૦૭/૨૦૧૮ ની અરજીમાં જણાવ્યા મુજબ નવી બિલ્ડીંગની વિગતો કન્સલટન્ટ,ચૂકવેલ રકમ/થર્ડ પાર્ટી રીપોર્ટ વિગેરે માહિતી મળી નથી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,ખાતાના વાડાઓને માહિતી આપવા જણાવ્યે. આમાં કોઈ પ્રશ્ન રહેતો નથી. એજન્ડાના કામો શરૂ કરીએ.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે જણાવ્યુ કે, મને પવડી ચેરમેન તરીકે સ્વીકારો છો કે કેમ?કામ નં :-૧ માં પોતાનો વાંધો નોંધાવ્યો.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, લાઈબ્રેરી કામે સ્ટ્રક્ચરર ઈજનેરશ્રી રીપોર્ટ લેવામાં આવેલ છે.નગરપાલિકા રેકર્ડ ઉપર આવેલ છે.સૈદ્ધાંતિક નિર્ણય લઈ એસ્ટીમેઇટ/તાંત્રિક મંજુરી મેળવવાની પ્રક્રિયા કરવામાં આવે છે..વહીવટના ભાગ રૂપે કામ થતાં હોય છે. જે તે જગ્યાએ પ્રક્રિયા કરી કામો થતાં હોય છે.

સભ્યશ્રી ઇમ્ત્યાઝુદ્દીન કાઝી ગયા.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે જણાવ્યુ કે, કામ:-૩૩ માં રજુઆત કરેલ શોપીંગ મોલ કામગીરીની માહિતી મળેલ નથી.અત્યાર સુધી થયેલ ખર્ચ વિગતો મળેલ નથી.પવડીના બે કામો માટે મારી જોડે ઈજનેરશ્રીએ ચર્ચા કરી છે. પૂછવા વગર કામો લીધા છે.મારી જવાબદારી રહેશે નહી.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, શોપીંગ મોલના કામો રજુ કરી વિગતે ચર્ચા કરી જરૂરિયાત મુજબની આઇટમો રેલીંગ વિગેરે કન્સલટન્ટને DPR તૈયાર કરવા અને તે અંગેની આગામી કાર્યવાહી અંગે પ્રમુખશ્રી,કારોબારી ચેરમેનશ્રી, ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવાનું નિયમોનુસાર કાર્યવાહી કરી જરૂરિયાત મુજબના કામો નક્કી કર્યા પછી. બોર્ડમાં લઈ કામ કરવામાં આવશે.શહેરના વિકાસના મુદ્દાઓ ગંભીરતાથી લઈ મુક્ત વાતાવરણમાં ચર્ચા કરી નિખાલસ્તાં પૂર્વક શહેરના હિતમાં આપ સૌને નિર્ણય લેવા વિનંતી છે. એજન્ડાના એક પછી એક કામોની ચર્ચા કરી નિર્ણય લઈએ. જે શહેરના વિકાસમાં ઉપયોગી થશે.ઉપનિયમો નક્કી થયેલ છે. તમામ ડીપાર્ટમેન્ટ સાથે સંકલન કરી વિશ્વાસમાં લઈ કામગીરી કરીએ.વિકાસના સારા કામોમાં કોઈનો વાંધો નથી.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે જણાવ્યુ કે,કમિટીના કામો સામાન્ય સભાના ૬ દિવસ પહેલા રજુ કરેલ હતા. જેમાં રાખોડિયા તળાવ વિસ્તારમાં ટાંકી બનાવવાની રજુઆત થયેલ હતી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,વધારાના કામોમાં સમાવેશ થયેલ છે.ક્ષતિ રહી ન જાય તે ધ્યાને લેવું.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે જણાવ્યુ કે, (૧)ઉનાળાના સમયમાં પાણીની તકલીફ પડે છે. વોટરવર્કસ ડેમની આગળ ૨૫-૩૦ મીટરે ડેમ બનાવવાથી સગવડતા પડે.(૨)કૈલાસ રોડ ગળનાળા પાસે રેલ્વે ટ્રેક નીચે રેલ્વે ડીપાર્ટમેન્ટને પત્ર પાઠવી કૈલાશ રોડને પહોળો કરીએ. (૩) હદ વિસ્તારમાં ટ્રાફિક નિયંત્રણ સ્પીડ બ્રેકર, ઝીબ્રા ક્રોસીંગ મૂકવા.(૪) હાઈરાઇસ બીલ્ડીંગ પાંચમાળ વાળા ગંદકી ન થાય તે માટે સોસાયટીઓ માટે માપદંડો નક્કી કરીએ. (૫)સૂકો અને ભીનો કચરો ભેગો થાય છે. તે માટે ૧૦૦ કી.ગ્રા કચરા માંથી ૩૦ કી.ગ્રા ખાતર બને છે. તેથી ઉપજ આવી શકે. (૬)આગ અકસ્માત માટે ફાયર હાઇડન્ટની વ્યવસ્થા કરીએ. આમ ૧૬ કામો પૈકી આટલા કામો રજુ કરેલ છે. બાકીના કમીટી લેવલે થયેલ છે.૨ કામોમાં ગાંધી લાઈબ્રેરી અને મોગરાવાડી હોલના કામે વિરોધ નોંધાવેલ છે.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે,કામ નં:-૩૩ માં ૪ પાર્ટીઓએ શોપીંગ મોલના પૂરી રકમ ભરેલ છે? હરાજીની શરતો મુજબ છે કે કેમ?

સભ્યશ્રી યશેષ માલીએ જણાવ્યુ કે, ૧૪ માં નાણાંપંચ હેઠળના કામ નં:- ૧૫ સ્થળ સ્થિતી નકશા, ઠરાવ મુજબ છે કે કેમ? વધારાના કામો માં શા માટે લેવા જોઈએ? કામ નં:- ૧ માં પોતાનો વાંધો નોંધાવ્યો.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે,સ્થળ સ્થિતી અંગે રીપોર્ટ લઈ પ્રોસિજર કરવામાં આવે છે. કચાસ રહી ગઈ હોય તો ઓનસાઇટ કન્ડિશન જોઈ કામ કરવામાં આવશે. અને આ અંગે ડિપાર્ટમેન્ટને તકેદારી રાખવા જણાવ્યે.

સભ્યશ્રી પ્રવીણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે, ફાયર હાઇડન્ટ જરૂરી છે. ૨૦૧૪ માં આગ લાગેલી ત્યારે આગ હોલવવા માટે ફાયર હાઇડન્ટથી કામ લેતા ઝડપથી આગ હોલવી શક્યા હોત. ભંગારની દુકાન જેવા વિસ્તારોમાં ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અબ્રામા- મોગરાવાડી વિસ્તારમાં ફાયર હાઇડન્ટ નાંખવા જોઈએ.

સભ્યશ્રી કમળાબેન ઠાકોર ગયા.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે,ડિપાર્ટમેન્ટને સૂચના આપેલ છે. તેમાં ફાયર હાઇડન્ટ નાંખવામાં આવશે.

<u>ઠરાવ.:–</u>

**તા- ૨૪–૭–૨૦૧૮ ના રોજ મળેલ જેની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને પાઠવવામાં કાર્યનોંધ આપવામાં આવેલ છે. જે વંચાયેલ ગણી સભ્યશ્રીઓના આવેલ વાંધાઓની નોંધ લઈ બહુમતીએ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**બ.મ.મંજુર...**

**<u>જ.બો.ઠ.નં.-૫૮૭/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૨</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૧૪/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા –વલસાડનો સને- ૨૦૧૭-૨૦૧૮ નો તા:- ૦૧/૦૪/૨૦૧૭ થી તા:- ૩૧/૦૩/૨૦૧૮ સુધીનો બાર- માસિક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**દ.મુ :-શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :-શ્રી ઉર્મિબેન એ.દેસાઇ**

**સભ્યશ્રીઓના આવેલ સૂચન મુજબ નોટીશ બોર્ડ ઉપર મૂકવા એકાઉન્ટન્ટશ્રીને સૂચના આપી.**

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.- ૨૧૪/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા- વલસાડનો સને-૨૦૧૭-૨૦૧૮ નો તા:- ૦૧/૦૪/૨૦૧૭ થી તા:- ૩૧/૦૩/૨૦૧૮ સુધીનો બાર - માસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર.....**

**જ.બો.ઠ.નં.-૫૮૮/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**કામ.નં.:- ૩**

**વિષય:- કા.સ.ઠ.નં.- ૨૧૫ / તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા –વલસાડનો સને- ૨૦૧૭- ૨૦૧૮ નો તા:- ૦૧/૦૪/૨૦૧૭ થી તા:- ૩૦/૦૬/૨૦૧૮ સુધીનો ત્રી- માસિક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :- શ્રી ઉર્મિબેન એ.દેસાઇ**

**સભ્યશ્રીઓના આવેલ સૂચન મુજબ નોટીશ બોર્ડ ઉપર મૂકવા એકાઉન્ટન્ટશ્રીને સૂચના આપી.**

**ઠરાવ:- કા.સ.ઠ.નં.- ૨૧૫/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા- વલસાડનો સને-૨૦૧૭-૨૦૧૮ નો તા:- ૦૧/૦૪/૨૦૧૭ થી તા:- ૩૦/૦૬/૨૦૧૮ સુધીનો ત્રી - માસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર.....**

**<u>જ.બો.ઠ.નં.-૫૮૯/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

<u>કામ.નં.:-૪</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૨૫/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ, જાહેર બાંધકામ શાખા હસ્તક ચાલતા વાહન પીવાના પાણીની ટેન્કર ગાડી રજી. નં.જીટીઓ-૭૭૩૧ થી વ.ન.પા. હદ વિસ્તાર તેમજ હદ બહારના વિસ્તારમાં શુભ અને અશુભ પ્રસંગે ઘર વપરાશ તેમજ બાંધકામ અર્થે પાણી પૂરું પાડવાના ચાર્જમાં નવા સૂચિત દરો વસૂલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી સોનલબેન ટી.સોલંકી

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે ટેન્કરથી અપાતા પાણીમાં ભાવો અંગે ચર્ચા કરી યોગ્ય નિર્ણયલઈ વધારો કરીએ. ઉનાળામાં પાણીની પરિસ્થિતી ઘણી ખરાબ છે. માટે ભાવવધારો યોગ્ય નથી. બધા સાથે ચર્ચા કરી યોગ્ય વ્યાજબી વધારો કરીએ.

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.- ૨૨૫/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ , જાહેર બાંધકામ શાખા હસ્તક ચાલતા વાહન પીવાના પાણીની ટેન્કર ગાડી રજી. નં.જીટીઓ-૭૭૩૧ થી વ.ન.પા. હદ વિસ્તાર તેમજ હદ બહારના વિસ્તારમાં શુભ અને અશુભ પ્રસંગે ઘર વપરાશ તેમજ બાંધકામ અર્થે પાણી પૂરું પાડવાની કામગીરી કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકામાં સને:- ૨૦૦૬ થી અબ્રામા અને મોગરાવાડી નો વિસ્તાર સમાવિષ્ટ થયેલ છે. જેને કારણે વલસાડ શહેરનો એરીયા અંદાજે ૧૪.૦૪ કી.મી.નો વ્યાપ ધરાવે છે. અને સદરહુ વાહન ખુબજ જુનું હોય, અને હાલે પ્રવર્તમાન ડીઝલના ભાવોમાં ઉત્તરોઉત્તર વધારો થવા જાય છે. એના કારણે નગરપાલિકાને આર્થિક નુકશાન ભોગવવું પડે છે. નગરપાલિકા દ્વારા પીવાના પાણી પૂરું પાડવાનું જે ચાર્જ વસુલવાનું મંજુર કરેલ છે. તે હાલે ખુબજ નજીવો દર ગણાય છે. જેથી સદરહુ ચાર્જમાં વધારો કરવો ખુબજ અત્યંત અને જરૂરી જણાય છે. હાલે સદરહુ ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાનો હાલે જે ચાર્જ વસુલ કરવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) શુભ – અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ વિસ્તાર ) રૂ/- ૨૦૦/- (એક ફેરાના)

(૨) શુભ- અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ (હદ બહાર વિસ્તાર) રૂ/- ૪૦૦/- (એક ફેરાના)

(૩) બાંધકામ અર્થે (હદ વિસ્તાર) રૂ/-૪૦૦/- (એક ફેરાના)

(૪) બાંધકામ અર્થે (હદ બહાર વિસ્તાર) રૂ/-૮૦૦/- (એક ફેરાના)

ઉપરોક્ત નગરપાલિકા દ્વારા વસુલ કરવામાં આવતો ચાર્જ ખુબજ નજીવો હોય,તેમાં વધારો કરવાનો <u>સૂચિત દર નીચે મુજબ છે.</u>

(૧) શુભ – અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ વિસ્તાર ) રૂ/- ૫૦૦/- (એક ફેરાના) (ડવેલીંગ યુનિટ)

(૨) શુભ- અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ (હદ બહાર વિસ્તાર) રૂ/- ૧૦૦૦/- (એક ફેરાના) (ડવેલીંગ યુનિટ)

(૩) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ (હદ વિસ્તાર) રૂ/-૧૫૦૦/- (એક ફેરાના)

(૪) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ (હદ બહાર વિસ્તાર) રૂ/-૩૦૦૦/- (એક ફેરાના)

(૫) બાંધકામ અર્થે (હદ વિસ્તાર) રૂ/-૨૦૦૦/- (એક ફેરાના)

(૬) બાંધકામ અર્થે( હદ બહાર વિસ્તાર) રૂ/-૪૦૦૦/- (એક ફેરાના)

ઉપરોક્ત આવેલ કામે કમીટીમાં જરૂરી ચર્ચા વિચારણાના અંતે , નીચે મુજબ નવા સૂચિત દરો વસૂલાત કરવાની ભલામણ આવેલ છે.

(૧) શુભ-અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ વિસ્તાર ) રૂ/- ૪૦૦/- (એક ફેરાના) (ડવેલીંગ યુનિટ)

(૨) શુભ- અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ (હદ બહાર વિસ્તાર) રૂ/- ૮૦૦/- (એક ફેરાના) (ડવેલીંગ યુનિટ)

(૩) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ (હદ વિસ્તાર) રૂ/-૧૦૦૦/- (એક ફેરાના)

(૪) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ (હદ બહાર વિસ્તાર) રૂ/-૨૦૦૦/- (એક ફેરાના)

(૫) બાંધકામ અર્થે (હદ વિસ્તાર) રૂ/-૧૦૦૦/- (એક ફેરાના)

(૬) બાંધકામ અર્થે( હદ બહાર વિસ્તાર) રૂ/-૨૦૦૦/- (એક ફેરાના)

સ.મ.મંજુર.....

**<u>જ.બો.ઠ.નં.-૫૯૦/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૫</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૨૯ / તા:- ૧૫/૧૦/૨૦૧૮ થી તથા ડ્રે.ક.ઠ.નં.૧૬૧/તા:-૦૮/૦૮/૨૦૧૮ થી ઠરાવ્યા મુજબ શિવમ પ્રિન્ટર્સ રોડ કુંભારવાડ પાસે "નવી બાયપાસ ડ્રેનેજ લાઇન ૯૫-મી.લંબાઇની ૧૨" ડાયાની નાંખવાનો અંદાજીત ખર્ચ રૂ/- ૧,૯૭,૦૫૫/- પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

 દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી રાજેશભાઇ રાઠોડ

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.- ૨૨૯ / તા:- ૧૫/૧૦/૨૦૧૮ થી તથા ડ્રે.ક.ઠ.નં.૧૬૧/તા:-૦૮/૦૮/૨૦૧૮ થી ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કુંભારવાડ કુવા પાસે ડ્રેનેજ લાઇનની ફરિયાદ વારંવાર કરવા છતાં કાયમી નિવારણ મળેલ નથી. સદર રોડની પાસે શહીદચોક ગ્રાઉન્ડ આવેલ છે. જેમાં અવારનવાર સદર વિસ્તારના ધાર્મિક કાર્યક્રમો તેમજ વિવિધ શાળાના વિદ્યાર્થીએ રમવા માટે આવે છે. સદર ગ્રાઉન્ડ માં ગંદુ પાણી જઈ વિકટ પરિસ્થિતી ઊભી થયેલ છે. સદર બાબતે નવી ડ્રેનેજ લાઇન તાત્કાલીક નાંખી કાયમી નિવારણ લાવવાની જરૂરિયાત હોય, " શિવમ પ્રિન્ટર્સ રોડ, કુંભારવાડ પાસે "નવી બાયપાસ ડ્રેનેજ લાઇન ૯૫-મી.લંબાઇની ૧૨" ડાયાની નાંખવાનો અંદાજીત ખર્ચ રૂ/-૧,૯૭,૦૫૫/- અંકે રૂપિયા એક લાખ સત્તાણુ હજાર પંચાવન રૂપિયા પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

**<u>જ.બો.ઠ.નં.-૫૯૧/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

<u>કામ.નં.:-૬</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૩૬/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ નગરપાલિકા સંચાલિત મ્યુનિસીપલ હોસ્પીટલના કર્મચારી શ્રી મહેશભાઇ મણીલાલ સોલંકીનું તબીબી સારવારનું આવેલ બીલ ચૂકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી પ્રવીણભાઈ ભાનુશાલી

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.- ૨૩૬/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ નગરપાલિકા સંચાલિત મ્યુનિસીપલ હોસ્પીટલના ચોથા વર્ગના સ્વીપર તરીકે કાયમી ફરજ બજાવતા કર્મચારી શ્રી મહેશભાઇ મણીલાલ સોલંકી તા:- ૧૧/૧૦/૨૦૧૬ ના રોજ નગરપાલિકા હોસ્પીટલના નાઈટ ડ્યુટીમાં ફરજ પર હાજર હતા તે દરમ્યાન તેઓની તબીયત બગડતા તેઓને નગરપાલિકા સંચાલીત મ્યુનિ. હોસ્પીટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે કસ્તુરબા હોસ્પીટલમાં દાખલ કરી તેઓને સારવાર આપવામાં આવેલ.સારવાર દરમ્યાન તેઓ તરફથી
રૂ./- ૧,૯૭,૦૬૧/- ની રકમનું બીલ રજુ કરેલ છે.

સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પરીપત્ર ક્રમાંક : એસ.એ.જી/૧૦/૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા) તા.: ૨૪/૦૮/૨૦૧૫ થી ઠરાવ્યા મુજબ નિયમ ૨.૪, ૨.૫, ૧૪.૧ તથા ૧૪.૨ મુજબ તેઓએ કરાવેલ સારવારના બીલના ખર્ચેલા નાણાં રૂ/- ૧,૯૭,૦૬૧/- અંકે રૂપિયા એક લાખ સત્તાણુ હજાર એકસઠ રૂપિયા પુરા/- રીએમ્બર્સમેન્ટની માંગણી કરેલ છે. સરકારશ્રી ધ્વારા પ્રસિધ્ધ કરેલ યાદીમાં જણાવેલ હોસ્પીટલોમાં અમીત હોસ્પીટલનું નામ નથી પરંતુ સરકારશ્રીના પરીપત્ર ના નિયમ ૨.૪ મુજબ સરકારી હોસ્પીટલ સમક્ક્ષ હોસ્પીટલ છે, પરંતુ આ હોસ્પીટલમાં સારવાર ઉપલબ્ધ નથી જેથી ઈમરજન્સીમાં શ્રી મહેશભાઇ મણીલાલ સોલંકીને વધુ સારવાર માટે અમીત હોસ્પીટલ સરકાર માન્ય હોસ્પીટલ અથવા સરકાર સમકક્ષ હોસ્પીટલ હોવી જરૂરી છે.

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં મુકાદમ તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી શ્રી દીપકભાઈ ભવરભાઈ વાલોદરા વિગેરેને આવા કિસ્સામાં કારોબારી સમીતી અને જનરલ બોર્ડમાં મંજુરી મેળવી ચુકવણું કરવામાં આવેલ હતું તે મુજબ આ કર્મચારીની અરજીને ધ્યાને લઈ કારોબારી સમીતીની ભલામણ મુજબ ઇન્ટરનલ ઓડીટરશ્રીનો આવેલ રીપોર્ટને ધ્યાનમાં લઈ મળવા પાત્ર રકમનું ચૂકવણું કરવા ઉપરોક્ત આવેલ કામે જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

**<u>જ.બો.ઠ.નં.-૫૯૨/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

<u>કામ.નં.:-૭</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૩૯/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબના સરકારશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકાને જે તે પ્રકારની યોજનામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. સદરહુ ફાળવણી કરવામાં આવેલ ગ્રાન્ટમાં રકમની બચત થાય છે. જેમાથી વિકાસના કામો નક્કી કરવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી છાયાબેન પટેલ

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.- ૨૩૯/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબના સરકારશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકાને જે તે પ્રકારની યોજનામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.સદરહું ફાળવણી કરવામાં આવેલ છે. સદરહું ફાળવણી કરવામાં આવેલ ગ્રાન્ટમાં રકમની બચત થાય છે. જે જરૂરી બચત રકમ અંગે જે તે યોજનામાં સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ બાકી ગ્રાન્ટ અંગે નવા કામો નક્કી કરવાનું જણાવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં નગરપાલિકા હદ વિસ્તારમાં , UDP-88, 2015-16, તેમજ UDP-88, 2017-18, હેઠળ બચત રકમમાથી નીચે જણાવેલ વિકાસના કામો નક્કી કરી કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ |
|---|---|
| ૧ | માસ્ટર રોડ થી સતીમાતા મંદીર થઈ ઓરંગા નદી સુધી, જુનું સતી નાકા થી બંદરરોડ ચાર રસ્તા પાણીની ટાંકી સુધી ડામર રસ્તો વિગેરે |

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૫૯૩/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:-૮</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૪૨/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, માન. પ્રધાનમંત્રીશ્રીના વલસાડ ખાતે આગમન વખતે શહેર શણગારવા માટે સ્ટેડીયમ રોડથી ધરમપુર ચોકડી વચ્ચે ડીવાઇડર ઉપર અમુક સ્થળે સીરીઝની લાઇટ લગાવવાની કામગીરીનું બીલ રૂ./- ૭૩,૨૩૮/- મંજુર કરવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :- શ્રી નિમિષાબેન ટંડેલ**

**સભ્યશ્રી નિતેશભાઈ વશીએ પોતાનો તથા વિપક્ષના સભ્યશ્રીઓનો વાંધો નોંધાવ્યો. રીકવરી પ્રસંગે અમારી જવાબદારી નથી.**

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.- ૨૪૨/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ, કા.સ.ઠ.નં.૨૨૦/તા.:૧૪-૦૭-૨૦૧૭ થી મંજુર થયા મુજબ તા.: ૨૩-૦૮-૨૦૧૮ ના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વલસાડ ખાતે આગમન વખતે શહેર શણગારવા માટે સ્ટેડીયમ રોડથી ધરમપુર ચોકડી વચ્ચે ડીવાઇડર ઉપર અમુક સ્થળે સીરીઝની લાઇટ લગાડેલ. હોય, સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ સદર કામગીરીનું આવેલ બીલ રૂ./- ૭૩,૨૩૮/- અંકે રૂપિયા તોત્તેર હજાર બસો આડત્રીશ પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**જ.બો.ઠ.નં.-૫૯૪/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

કામ.નં.:-૯

વિષય:- કા.સ.ઠ.નં.- ૨૪૩/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા ધ્વારા શ્રી ગણેશ વિસર્જન માટે વાંકી નદી ઉપર ક રેલ બેરેકેટીગ વ્યવસ્થાની કામગીરીનું બીલ રૂ./-૧,૪૪,૫૧૪/- મંજુર કરવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી પ્રવીણભાઈ પટેલ

ઠરાવ:- કા.સ.ઠ.નં.- ૨૪૩/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, કા.સ.ઠ.નં. ૨૨૦/તા.:૧૪-૦૭-૨૦૧૭ થી મંજુર થયા મુજબ શ્રી ગણેશ વિસર્જન માટે વાંકી નદી ઉપર કરેલ બેરેકેટીગ વ્યવસ્થા કરવામાં આવેલ, સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ/-. ૧,૪૪,૫૧૪/- અંકે રૂપિયા એક લાખ, ચુમ્માલીસ હજાર, પાંચસો ચૌદ પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૫૯૫/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૧૦</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૪૪/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા ધ્વારા શ્રી ગણેશ વિસર્જન માટે ઔરંગા નદી ઉપર કરેલ વિવિધ કામગીરીનું બીલ રૂ/- ૨,૨૯,૩૧૩/- મંજુર કરવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :-શ્રી હિતેશભાઈ રાણા**

**<u>ઠરાવ.:-</u> કા.સ.ઠ.નં.- ૨૪૪/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ, કા.સ.ઠ.નં. ૨૨૦/તા.:૧૪-૦૭-૨૦૧૭થી મંજુર થયા મુજબ શ્રી ગણેશ વિસર્જન વખતે અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઔરંગા નદી ઉપર કરેલ વિવિધ કામો કરવામાં આવેલ. સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ/- ૨,૨૯,૩૧૩/- અંક રૂ./-બે લાખ,ઓગણત્રીસ હજાર, ત્રણસો તેર પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**<u>જ.બો.ઠ.નં.-૫૯૬/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:-૧૧</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.- ૨૪૫/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, શ્રી મહાત્મા ગાંધી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે મહાત્મા ગાંધી લાઈબ્રેરી ઉપર મંત્રીશ્રીના વરદ હસ્તે યોજાવેલ કાર્યક્રમમાં મંડપ ખુરશી, ફ્લોરીગ વિગેરે વ્યવસ્થા કામગીરીનું બીલ રૂ/-. ૪૨,૭૫૦/- મંજુર કરવા બાબત..**

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી પ્રવિણાબેન પટેલ

<u>ઠરાવ.:-</u> કા.સ.ઠ.નં.-૨૪૫/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ, કા.સ.ઠ.નં. ૨૨૦/તા.:૧૪-૦૭-૨૦૧૭ થી મંજુર થયા મુજબ શ્રી મહાત્મા ગાંધી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે શ્રી મહાત્મા ગાંધી લાઈબ્રેરી ઉપર મંત્રીશ્રીના વરદ હસ્તે યોજાયેલ કાર્યક્રમ અંતર્ગત જરૂરી મંડપ, ખુરશી, ફ્લોરીંગ વિગેરે વ્યવસ્થા કરવામાં આવેલ. સદર કામગીરી ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ/-૪૨,૭૫૦/- અંકે રૂ/- બેતાલીસ હજાર, સાતસો પચાસ પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**જ.બો.ઠ.નં.-૫૯૭/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**કામ.નં.:-૧૨**

**વિષય:- કા.સ.ઠ.નં.- ૨૫૪/ તા:- ૧૫/૧૦/૨૦૧૮ની તથા હોસ્પીટલ કમીટી ઠરાવ નં.-૮/તા.:૧૮-૦૯-૨૦૧૮ની ભલામણ મુજબ,હોસ્પીટલના મહેકમ પત્રકે મંજુર થયેલ સર્જન, ગાયનેક , મે.ઓફીસર, સ્ટાફ નર્શ, વોર્ડબોય, સ્વીપર તેમજ આયાબેનની ખાલી પડેલ જગ્યા ભરવા માટે દરખાસ્ત મંજુર કરવા બાબત..**

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી પ્રવીણભાઈ ભાનુશાલી

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૫૪/ તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા હોસ્પીટલ કમીટી ઠરાવ નં.-૮/તા.:૧૮-૦૯-૨૦૧૮ ની ભલામણ મુજબ, નવા બીલ્ડીગમાં હોસ્પીટલ કાર્યરત થતાં અને દર્દીઓ માટે ઉપલબ્ધ સેવાઓ શરૂ થતાં દર્દીઓના ઓપીડી અને ઇનડોર વિભાગમાં ઉતરોઉત્તર વધારો થાય છે. તેથી હોસ્પીટલનો હાલનો સ્ટાફ ઘણોજ ઓછો હોય દરેક કામમાં પહોચી વળાતો નથી આ સંજોગોને ધ્યાને લઈ હોસ્પીટલમાં ડોકટર્સ , પેરા મેડીકલ સ્ટાફ તેમજ વર્ગ- ૩,વર્ગ-૪ ના કર્મચારીઓની સંખ્યા ઓછી હોય તેમજ ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે નિયામકશ્રી, નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય,ગાંધીનગર તા.: ૦૯-૦૧-૨૦૦૯ ના આદેશ મુજબ ખાલી પડેલ જગ્યાઓમાં ડોક્ટર્સ, પેરામેડીકલ તથા નર્સીંગ સ્ટાફની જગ્યાઓ ભરવા માટે મંજુરી મેળવવાની રહેતી નથી. આ સિવાય હોસ્પીટલના અન્ય સ્ટાફની ખાલી જગ્યાઓ ભરવાની જરૂરીયાત ઉપસ્થીત થાય તો સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ જગ્યાઓ ભરવી જે ધ્યાનમાં લઈ હોસ્પીટલના મહેકમ પત્રકે મંજુર થયેલ સર્જન, ગાયનેક, મે.ઓફીસર, સ્ટાફ નર્શ, જે ધ્યાનમાં લઈ હોસ્પીટલના મહેકમ પત્રકે મંજુર થયેલ સર્જન, ગાયનેક, મે.ઓફીસર, સ્ટાફ નર્શ, વોર્ડબોય, સ્વીપર તેમજ આયાબેનની ખાલી પડેલ જગ્યા ભરવા માટેની જરૂરી દરખાસ્ત સાદર કરવા અંગેની નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૫૯૮/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:-</u> ૧૩**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.-૨૫૫/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા હોસ્પીટલ કમીટી ઠરાવનં.-૧૦/તા.:૧૮-૦૯-૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની હોસ્પીટલમાં આવેલ એમ્બ્યુલન્સ માટે ડ્રાઈવર અને ક્લીનરની ખાલી પડેલ જગ્યાઓ ભરવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :- શ્રી પ્રવીણભાઈ ભાનુશાલી**

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.-૨૫૫/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા હોસ્પીટલ કમીટી ઠરાવનં.-૧૦/તા.:૧૮-૦૯-૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં આવેલ એમ્બ્યુલન્સ માટે હાલ એકજ ડ્રાઈવર હોય ૨૪ ક્લાકમાં એમ્બ્યુલન્સ ચલાવવું અશક્ય છે. દરેક ડ્રાઈવરોને ૧૨ ક્લાક ડ્યુટી આપવામાં આવે તો હોસ્પીટલની એમ્બ્યુલન્સ ચલાવવામાં સરળતા રહે તો હાલમાં ડ્રાઈવરની -૧ જગ્યા અને ક્લીનરની –બે જગ્યાઓ ખાલી હોય એમ્બ્યુલન્સ માટે વહીવટ ખોરવાય છે. અને જાહેર જનતાને પણ અગવડ પડે છે. તો ડ્રાઈવર -૧ અને એમ્બ્યુલન્સ ક્લીનરની -૨ની જગ્યાઓ ભરવા માટેના નિયોમોનુસાર કાર્યવાહી  કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**જ.બો.ઠ.નં.-૫૯૯/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

કામ.નં.:- ૧૪

વિષય:- કા.સ.ઠ.નં.-૨૫૬/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા હોસ્પીટલ કમીટી ઠરાવનં.-૧૧/તા.:૧૮-૦૯-૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલના કંપાઉન્ડમાં ડેડબોડી રાખવા માટે કોલ્ડ સ્ટોરેજ બનાવવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી પ્રવીણભાઈ ભાનુશાલી

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૫૬/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા હોસ્પીટલ કમીટી ઠરાવનં.-૧૧/તા.:૧૮-૦૯-૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલના કંપાઉન્ડમાં પી.એમ. રૂમની બાજુમાં આવેલ જગ્યા પર શહેરમાથી આવતી ડેડબોડી તેમજ બિનવારસી ડેડબોડીની જાળવણી માટે ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરીને કોલ્ડ સ્ટોરેજ બનાવવાની ભલામણ કરેલ છે. શહેરના હિતને ધ્યાનમાં રાખીને હોસ્પીટલમાં આવેલ જગ્યા પર કોલ્ડસ્ટોરેજ બનાવવા અંગે નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૬૦૦/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:-</u> ૧૫**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.-૨૫૯/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૩/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ટી.વી.રીલે કેન્દ્ર વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઇપ લાઇન નાખવા માટે " સ્વર્ણીમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના " માં સર્વે કરી ડી.પી.આર. બનાવેલ જેમાં અંદાજીત રૂ./- ૨,૭૦,૯૦,૭૦૦/- મંજુર કરી જરૂરી દરખાસ્ત કરવા બાબત..**

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી સોનલબેન ટી.સોલંકી

**<u>ઠરાવ:-</u>** કા.સ.ઠ.નં.-૨૫૯/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૩/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ લાઇનની સર્વિસ સને. ૧૯૭૮ થી આપવામાં આવે છે. અને હાલે સને ૨૦૧૮ ચાલે છે. જેથી ડ્રેનેજ પાઇપ લાઇનની લાઈફ ખતમ થયેલ છે. તેમજ વસ્તીમાં પણ વધારો થયેલ છે. વારંવાર ડ્રેનેજ લાઇનની ફરીયાદ આવતી હોવાથી જરૂરી મંજુરત જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૫૨૦/તા.:૨૭-૦૪-૨૦૧૮ થી લઈ ડ્રેનેજ લાઇનના કામો સ્વર્ણિમ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ૧૪ મું નાણાં પંચ વિગેરે આવનાર ગ્રાન્ટમાંથી કરવા " ક્રીષ્ના કન્સલ્ટન્સી, આણંદ " ને વલસાડ નગરપાલિકા ડ્રેનેજ શાખા જાવક નંબર.: ૨૨/ તા.: ૨૯-૦૬-૨૦૧૮ વર્ક ઓર્ડર આપવામાં આવેલ. સદર વર્ક ઓર્ડર " ટી.વી. રીલે કેન્દ્ર " વિસ્તારનું જરૂરી સર્વે કરી ડી.પી.આર. બનાવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂ./- ૨,૭૦,૯૦,૭૦૦/- અંકે રૂ./- બે કરોડ સીતેર લાખ, નેવું હજાર સાતસો પુરા જણાવેલ છે. સદર ડી.પી.આર. ને મંજુર કરી નિયમોનુસાર આગામી કાર્યવાહી અર્થે દરખાસ્ત કરવાનું મંજુર ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૬૦૧/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

<u>કામ.નં.:-</u> ૧૬

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.-૨૬૦/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૪/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, નગરપાલિકા હદ વિસ્તારમાં ધોબીતળાવ, શાપુનગર વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઇપ લાઇન નાખવા માટે " સ્વર્ણીમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના " માં સર્વે કરી ડી.પી.આર. બનાવેલ જેમાં અંદાજીત રૂ. ૨,૬૯,૫૯,૪૦૦- મંજુર કરી જરૂરી દરખાસ્ત કરવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી રાજેશભાઇ રાઠોડ

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.-૨૬૦/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૪/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ લાઇનની સર્વિસ સને. ૧૯૭૮ થી આપવામાં આવે છે. અને હાલે સને ૨૦૧૮ ચાલે છે. જેથી ડ્રેનેજ પાઇપ લાઇનની લાઈફ ખતમ થયેલ છે. તેમજ વસ્તીમાં પણ વધારો થયેલ છે. વારંવાર ડ્રેનેજ લાઇનની ફરીયાદ આવતી હોવાથી જરૂરી મંજુરત જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૨૦/ તા.૨૭-૦૪-૨૦૧૮ થી લઈ ડ્રેનેજ લાઇનના કામો સ્વર્ણિમ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ૧૪ મું નાણાં પંચ વિગેરે આવનાર ગ્રાન્ટમાંથી કરવા "ક્રીષ્ણા કન્સલ્ટન્સી, આણંદ " ને વલસાડ નગરપાલિકા ડ્રેનેજ શાખા જાવક નંબર.: ૨૨/ તા.: ૨૯-૦૬-૨૦૧૮ વર્ક ઓર્ડર આપવામાં આવેલ. સદર વર્ક ઓર્ડર મળ્યેથી "ધોબીતળાવ, શાપુનગર " વિસ્તારનું જરૂરી સર્વે કરી ડી.પી.આર. બનાવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂ./- ૨,૬૭,૫૯,૪૦૦/- અંકે રૂ./- બે કરોડ, સળસેઠ લાખ, ઓગણ સાંઠ હજાર ચારસો પુરા જણાવેલ છે. સદર ડી.પી.આર. ને મંજુર કરી નિયમોનુસાર આગામી કાર્યવાહી અર્થે દરખાસ્ત કરવાનું મંજુર ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

## જ.બો.ઠ.નં.-૬૦૨/ તા.૩૦-૧૦-૨૦૧૮.

કામ.નં.:- ૧૭

વિષય:- કા.સ.ઠ.નં.-૨૬૧/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૫/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં રાઈસ મીલ ગલી , શાપુનગર, પાસેના વિસ્તારમાં ૩૧ મીટર લંબાઈની ૧૨" ડાયાની એક્ષટેન્શન ડ્રેનેજ પાઇપ લાઇન નાખવાનું રૂ./- ૫૪,૮૯૦/- નું એસ્ટીમેઇટ મંજુર કરવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી રાજેશભાઇ રાઠોડ

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૬૧/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૫/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં રાઈસ મીલ ગલી , શાપુનગર, પાસેના વિસ્તારમાં ઘણા સમયથી ડ્રેનેજ લાઇનની ફરીયાદ આવતી હતી જેથી સ્થળ તપાસ કરતાં ૩૦ મીટર લંબાઇની નવી લાઇન નાખવાનું નક્કી કરેલ. અને જ.બો.ઠ.નં. : ૪૮૫/ તા.: ૨૭-૦૪-૨૦૧૮ થી મંજુરત મળેલ. વ.ન.પા. ડ્રેનેજ શાખા જા. નં. ૬૩/ તા.: ૨૪-૦૯-૨૦૧૮ થી શાંતીલાલ કે. બારીયા ને વર્ક ઓર્ડર આપેલ. સદર કામગીરી ચાલુ કરતાં જાણવા મળેલ કે વધારાની ૩૧ (એકત્રીસ) મીટર લાઇન નાખવાની જરૂરીયાત છે. જે વધારાની એક્ષટેન્શન લાઇન ૩૧ મીટરની ૧૨" ડાયાની પાઇપ લાઇન સને ૨૦૧૭-૧૮ ના ભાવે અંદાજીત ખર્ચ રૂ./- ૫૪,૮૯૦/- થાય છે. હાલે સને. ૨૦૧૮-૧૯ ના વાર્ષિક ભાવ મંજુર કરવાની પ્રક્રીયા ચાલુ છે. જેથી સને ૨૦૧૭-૧૮ ના જુના ભાવે એસ્ટીમેટ બનાવેલ છે. હાલે સદર જગ્યા પર એક્ષટેન્શન લાઇન નાખી સમસ્યાનું નિવારણ લાવેલ છે. જેથી સદર ખર્ચ મંજુર કરી કરેલ કામગીરીને બહાલી આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.-૬૦૩/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**કામ.નં.:- ૧૮**

**વિષય:-** **કા.સ.ઠ.નં.-૨૬૨/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૬/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં બાલેશ્વર મહાદેવ મંદીર વિસ્તાર, તરીયાવાડમાં ૧૬૧ મીટર લંબાઈની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ./- ૩,૪૮,૫૮૦/- પૂરા નું એસ્ટીમેઇટ મંજુર કરવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :- શ્રી રાજેશભાઈ રાઠોડ**

**ઠરાવ:-** **કા.સ.ઠ.નં.-૨૬૨/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૬/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં બાલેશ્વર મહાદેવ મંદીર વિસ્તાર, તરીયાવાડમાં ડ્રેનેજ લાઇનની ફરીયાદ વારંવાર રહે છે. જેથી સ્થળ તપાસ કરતાં ૧૬૧ મીટર લંબાઈની ડ્રેનેજ પાઇપ લાઇન નાખવાની જરૂરીયાત છે. સદર વિસ્તારની સમસ્યાનું નિવારણ લાવવા માટે જરૂરી મંજુરત લઈ તાત્કાલીક નવી લાઇનની ૩૦૦ એમએમ ડાયાની પાઇપ લાઇન નાખવાનો સને ૨૦૧૭-૧૮ ના મંજુર થયેલ ભાવે અંદાજીત ખર્ચ રૂ./- ૩,૪૮,૫૮૦/- અંકે રૂપિયા ત્રણ લાખ અડતાળીસ હજાર પાંચ સો એંસી રૂપિયા પૂરા થાય છે. હાલે સને. ૨૦૧૮-૧૯ ના ભાવે એસ્ટીમેટ બનાવેલ છે. જેથી ઈમરજન્સી ભાગ રૂપે સને ૨૦૧૭-૧૮ ના ભાવે એસ્ટીમેટ બનાવેલ છે. જેથી સદર એસ્ટીમેઈટ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**જ.બો.ઠ.નં.-૬૦૪/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**કામ.નં.:- ૧૯**

**વિષય:- કા.સ.ઠ.નં.-૨૬૩/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૭/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દેરા ફળીયા વિસ્તાર, ખડકીભાગડામાં ૨૩૪ મીટર લંબાઈની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ./-૪,૯૪,૬૭૦/- પુરાનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :-શ્રી નિમિષાબેન પટેલ**

**ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૬૩/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૭/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં દેરા ફળીયા વિસ્તાર, ખડકીભાગડા, વલસાડ" માં ડ્રેનેજ લાઇનના કામ અંગે ચર્ચા વિચારણના અંતે સદર કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ હોય. જે મુજબ આગામી કામગીરી કરાવવાનું બહાલ રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**જ.બો.ઠ.નં.-૬૦૫/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**કામ.નં.:- ૨૦**

**વિષય:- કા.સ.ઠ.નં.-૨૬૪/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૮/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રોય હોસ્પીટલ થી ચાર રસ્તા શહીદ ચોકના વિસ્તારમાં ૩૦૮ મીટર લંબાઈની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ./- ૬,૧૦,૬૧૦/- પુરાનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :-શ્રી ભારતીબેન મનોજભાઇ પટેલ**

**ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૬૪/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૮/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રોય હોસ્પીટલ થી ચાર રસ્તા શહીદ ચોક, વલસાડમાં ડ્રેનેજ લાઇનના કામ અંગે ચર્ચા વિચારણના અંતે સદર કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ હોય. જે મુજબ આગામી કામગીરી કરાવવાનું બહાલ રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

## જ.બો.ઠ.નં.-૬૦૬/ તા.૩૦-૧૦-૨૦૧૮.

કામ.નં.:- ૨૧

વિષય:- કા.સ.ઠ.નં.-૨૬૫/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૯/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મીનેષ ડ્રાઈવરના ઘરથી મેઇન પાટીવાળા ચાલ વિસ્તારમાં, ૧૩૮ મીટર લંબાઈની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ. ૨,૭૮,૨૮૦/- પૂરાનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી ભારતીબેન મનોજભાઇ પટેલ

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૬૫/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૧૯૯/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મીનેષ ડ્રાઈવરના ઘરથી મેઇન પાટીવાળા ચાલ, વલસાડમાં ડ્રેનેજ લાઇનના કામ અંગે ચર્ચા વિચારણના અંતે સદર કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ હોય. જે મુજબઆગામી કામગીરી કરાવવાનું બહાલ રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૬૦૭/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:-</u> ૨૨**

**<u>વિષય:-</u>કા.સ.ઠ.નં.-૨૬૬/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૨૦૦/તા.:૧૨-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મધુવન સોસાયટી ગર્વમેન્ટ કોલોની પાછળ વિસ્તારમાં ૨૭૦ મીટર લંબાઈની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ/-. ૪,૬૨,૬૮૦/- પૂરાનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..**

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.-૨૬૬/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૨૦૦/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મધુવન સોસાયટી ગર્વમેનટ કોલોની પાછળ , વલસાડમાં ડ્રેનેજ લાઇનના કામ અંગે ચર્ચા વિચારણના અંતે સદર કામ <u>સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના</u> હેઠળ સમાવેશ કરવામાં આવેલ હોય. જે મુજબઆગામી કામગીરી કરાવવાનું બહાલ રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

સ.મ.મંજુર..

## જ.બો.ઠ.નં.-૬૦૮/ તા.૩૦-૧૦-૨૦૧૮.

કામ.નં.:- ૨૩

વિષય:- કા.સ.ઠ.નં.-૨૬૭/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૨૦૧/ તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, તા.: ૧૨-૧૦-૨૦૧૮ ની ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સીટી પેલેસ થી તીથલ રોડ, સ્વર્ગાશ્રમ ગલી વિસ્તારમાં , ૨૯૨ મીટર લંબાઇની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ./- ૫,૮૩,૫૬૫/- પૂરાનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..

દ.મુ :- ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :- શ્રી ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૬૭/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૨૦૧/ તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં સીટી પેલેસ થી તીથલ રોડ, સ્વર્ગાશ્રમ ગલી વિસ્તારમાં, ડ્રેનેજ લાઈનના કામ અંગે ચર્ચા વિચારણના અંતે સદર કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ હોય. જે મુજબઆગામી કામગીરી કરાવવાનું બહાલ રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.-૬૦૯/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

કામ.નં.:- ૨૪

વિષય:- કા.સ.ઠ.નં.-૨૬૮/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૨૦૨/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ એલ.પી.ચાલ , ડીસ્પેનસરી રોડ વિસ્તારમાં ૯૩ મીટર લંબાઈની ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઇપલાઇન નાખવાનું રૂ/-. ૨,૧૮,૬૭૦- પૂરાનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી રાજેશભાઇ રાઠોડ

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૬૮/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા ડ્રે.ક.ઠ.નં. ૨૦૨/તા.:૧૨-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ એલ.પી.ચાલ , ડીસ્પેનસરી રોડ વલસાડમાં ડ્રેનેજ લાઇનના કામ અંગે ચર્ચા વિચારણના અંતે સદર કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ હોય. જે મુજબઆગામી કામગીરી કરાવવાનું બહાલ રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૬૧૦/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:-</u> ૨૫**

**<u>વિષય:-</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૬-૧૭ ના વર્ષ નું ઓડિટ અહેવાલ વંચાણમાં લેવા બાબત..**

**દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ**

**ટે.આ. :-શ્રી સોનલબેન ટી.સોલંકી**

**ચર્ચા વિચારણા કરી ઓડિટ અહેવાલ સભ્યશ્રીઓના વંચાણે મૂકવા જણાવ્યુ.**

**<u>ઠરાવ:-</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૬-૧૭ ના વર્ષ નું ઓડિટ જિલ્લા સહાયક નિરીક્ષક,સ્થાનિક ભંડોળ હિસાબ વલસાડ દ્વારા તા.૨૬-૦૩-૧૮ થી ૦૪-૦૪-૧૮ ના રોજ આવેલ છે. સદર લેવામાં આવેલ ઓડિટ ફકરાઓની નોંધ વંચાયેલી ગણી આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**<u>જ.બો.ઠ.નં.-૬૧૧/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

કામ.નં.:- ૨૬

વિષય:- કા.સ.ઠ.નં.-૨૫૭/તા:-૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની માલીકીના શોપીંગ સેન્ટરો/માર્કેટની દુકાનો/સ્ટોલો/પ્રિમાઈસીસના કબજા હક ધરાવતા ભાડુઆતો/કબજેદારો નામફેર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ :- શ્રી ભરતભાઇ સી.પટેલ

ટે.આ. :-શ્રી સોનલબેન ટી.સોલંકી

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૫૭/તા:-૧૫/૧૦/૨૦૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની માલીકીના શોપીંગ સેન્ટરો/માર્કેટની દુકાનો ઓફીસ પ્રિમાઈસીસના કબજા હકક નામ ટ્રાન્સફર ફીમાં મિલ્કતોમાં ઘણા સમયથી વધારો કરવામાં આવેલ નથી. અને અંદાજે દશ વર્ષથી વધુ સમય ગાળામાં કોઈ વધારો કરવામાં આવેલ નથી. જેથી નગરપાલિકા વધુ આવક મેળવી શકેલ નથી. હાલના સંજોગો જોતા અને શહેરના વિકાસને ધ્યાનમાં લઈ અગાઉના જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૪૦ / તા.: ૨૧-૦૭-૨૦૦૮ થી કરેલ નામ ટ્રાન્સફર ફીમાં રૂપિયા ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સરકારશ્રીની સૂચનાઓ બંને પક્ષને બંધન કર્તા રહેશે. જેને આધિન નીચે જણાવ્યા પ્રમાણે નામ ટ્રાન્સફર ફીમાં સુચીત વધારો કરવા તથા નીચે જણાવેલ શરતોને આધિન જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧, સદર દુકાનો/સ્ટોલ હવે પછી પ્રથમ પક્ષકારની લેખીત પરવાનગી વિના બીજા પક્ષકારને વેચાણ કે ટ્રાન્સફર ભાડાપટે આપી શકશે નહીં.

૨, બીજા પક્ષકારોએ દર પાંચ વર્ષે કરારખત રીન્યુ કરાવવાનો રહેશે.

૩, નોન ટ્રાન્સફર કરાર વાળી દુકાનો/સ્ટોલો ટ્રાન્સફર કરી શકાશે નહીં.

૪, વલસાડ નગરપાલિકા જ.બો.ઠ.નં. ૧૨૬/તા. ૩૧/૦૧/૨૦૧૨ થી થયેલ ઠરાવ અને ઓડિટ રીપોર્ટને ધ્યાને લઈ સને ૨૦૧૨-૧૩ ના વર્ષથી દર પાંચ વર્ષે ૫ % પ્રમાણે ભાડામાં વધારો ભરપાઈ કરવાનો રહેશે.

વલસાડ નગરપાલિકા શોપીંગ સેન્ટરો અને મારકેટોની વિગત.

| અ.નં. | શોપીંગ સેન્ટર/મારકેટનું નામ. | રૂ. હાલમાં | રૂ. સુચીત વધારો |
|---|---|---|---|
| ૧ | ડી.એન. શોપીંગ સેન્ટર બંને સાઇડે | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૨ | એન.એસ.બી.શો.સે. રોડ સાઇડે | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૩ | નવી વેજીટેબલ મારકેટ સેન્ટ્રલ બેન્ક નીચે | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૪ | જુની વેજીટેબલ મારકેટ રોડ સાઈડ મોકાની | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૫ | સરદાર મેમોરીયલ મારકેટ | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૬ | રંગ ઉપવન શોપીંગ સેન્ટર રોડ સાઇડે | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૭ | ઈન્દીરા ગાંધી શો. સે. રોડ સાઇડે | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૮ | જવાહરલાલ નહેરૂ શો.સે. રોડ સાઇડે | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૯ | શતાબ્દી મારકેટ રોડ સાઇડે | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૧૦ | મોરારજી દેસાઇ શોપીંગ સેન્ટર | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૧૧ | સેજલ ગેસની ઉત્તરે | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ડૉ. આંબેડકર શોપીંગ સેન્ટર | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૧૩ | ડી.એન.શો.સે. રોડની અંદર | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૧૪ | મહાત્મા ગાંધી મારકેટ રોડની અંદર | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૧૫ | ઈન્દીરા ગાંધી શો.સે. રોડની અંદર | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૧૬ | મોરારજી દેસાઇ વેજીટેબલ મારકેટ | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૧૭ | રંગઉપવન શો. સે. રોડની અંદર | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૧૮ | શાસ્ત્રી મારકેટ | ૧૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૧૯ | ડીસ્પેન્સરી પાછળ | ૧૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૨૦ | કેબીન | ૧૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૨૧ | પ્રથમ માળની તમામ જગ્યા એક ચો. ફુટના રૂ. | ૫૦/- | ૧૦૦/- |
| ૨૨ | ન્યુ સુપર મારકેટ પાકી દુકાન એન.એસ.બી.ની લાઇનમાં | ૩૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૨૩ | જે.પી. મારકેટ કાચી દુકાનોની જગ્યાએ પાકી દુકાન | ૨૫,૦૦૦/- | ૫૦,૦૦૦/- |
| ૨૪ | એલ.બી.મારકેટ | ૪૦,૦૦૦/- | ૮૦,૦૦૦/- |
| ૨૫ | જુના બંબાખાનાની જગ્યા | ૮૦,૦૦૦/- | ૧,૬૦,૦૦૦/- |
| ૨૬ | જુની વેજીટેબલ મારકેટ અંદર(નાના ચોતરા) | ૨૦,૦૦૦/- | ૪૦,૦૦૦/- |

**નોંધ:- જે મિલ્કતો દિવ્યાંગોને ફાળવેલ છે. જે મિલ્કતો નામ ટ્રાન્સફર ભાડાપેટા ભાડુઆતો આપી શકશે નહિ.**

વધુમાં જનરલ બોર્ડ ઠરાવ નં.૧૮૮/તા.૨૮-૧૦-૨૦૧૬ ના ઠરાવમાં ભોગવતા નામ દાખલ કરવા બાબતે ફી નક્કી કરવાનું જણાવેલ તે મુજબ કબજો ભોગવટેદારમાં નામ દાખલ ફી રહેણાંક/બીનરહેણાંક. ૧૨૦ આવાસ/એ.પી.એમ.સી. માર્કેટ/બી.ડી.સી.એ. વિગેરે મિલકતો માટે નીચે જણાવેલ ફી લેવાનું ઠરાવવામાં આવે છે.

| મિલકતનો પ્રકાર | નવા દરો |
|---|---|
| રહેણાંક | રૂ. ૫૦૦/- |
| બિન રહેણાંક | રૂ. ૧૦૦૦/- |

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૬૧૨/ તા.30-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૨૭</u>**

**<u>વિષય:-</u> ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી નિતેશભાઇ એમ.વશીની આવેલ દરખાસ્ત બાબતે...**

**દ.મુ :- નિતેશભાઇ એમ. વશી**

**ટે.આ. :- મહેબૂબ ગુલશેરખાન પઠાણ**

**<u>ઠરાવ :-</u> વલસાડ શહેર જીલ્લાનું વડુ મથક છે. જીલ્લાની દરેક મુખ્ય કચેરીઓ વલસાડ શહેરમાં આવેલ છે. તેમજ વલસાડ શહેરમાં મુખ્ય અદાલતો આવેલ છે. જેથી હજારો લોકો પોતાના વાહનો દ્વારા વલસાડ શહેરમાં અવરજવર કરતાં હોઈ છે. તેમજ શહેરના મુખ્ય માર્ગો પર શોપિંગ સેન્ટર, જીલ્લાનો મધ્યસ્થ બસ ડેપો અને વિવિધ સ્કુલો આવે છે. શહેરની વસ્તીમાં પણ દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ટ્રાફિકની સમસ્યાઓ વધી રહી છે. આગામી ૨૦-૨૫ વર્ષનું ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ નીચે મુજબનાં રસ્તાઓ પર ફ્લાય-ઓવર બનાવવા આયોજન કરવાનું જણાવેલ છે.**

**(૧). ડી.એસ.પી ઓફિસ સર્કલ પાસે સેન્ટ ઝેવિયર્સ સ્કુલથી શરૂ કરી જીલ્લા પંચાયત સુધી.**

**(૨). નવરંગ સર્કલ પાસે જે કોર્ટના ગેટથી તરણકુંડ સુધી. સદરહુ માર્ગ અને મકાન વિભાગ હસ્તકને હોય આ અંગે સંલગ્ન ડીપાર્ટમેન્ટને રજુ કરીએ.**

**(૩). હાલર રોડ પોસ્ટ ઓફિસ ચાર રસ્તા સર્કલ પાસે જે કોટક બેંક થી તિથલ રોડ શીલા પાર્ક એપાર્ટમેન્ટ સુધી.**

**(૪). તરીયાવાડ થી હનુમાનભાગડા જતાં ઔરંગાનદીના ફાંટો એટલે કે પિચીંગ પર કોઝવેનું આયોજન.**

**ઉપરોક્ત રજુ કરેલ કામો માર્ગ અને મકાન વિભાગ હસ્તકને હોય આ અંગે સંલગ્ન ડીપાર્ટમેન્ટને આવેલ રજુઆતો સબંધે આગામી કાર્યવાહી કરવા ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર...**

**<u>જ.બો.ઠ.નં.-૬૧૩/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૨૮</u>**

**<u>વિષય:-</u> ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી સોનલબેન કિશોરભાઇ પટેલની આવેલ દરખાસ્ત બાબતે...(અબ્રામા સિમેન્ટ કોંક્રીટ રોડ)**

**દ.મુ :- સોનલબેન પટેલ**

**ટે.આ. :- ઉર્વશીબેન પટેલ**

**<u>ઠરાવ :-</u> ઈજનેરશ્રીના રિપોટમાં જણાવ્યા મુજબ અબ્રામા માં વિસ્તાર માં નીચે મુજબ ના કામો આગળ લેખિત માં રજૂઆત આવેલ છે. સદર વિસ્તારોમાં વરસાદ ની સીઝનમાં પાણીનો ભરાવો ખુબ થાય છે. જેથી રસ્તા સિમેન્ટ કોન્ક્રિટ રોડ બનાવવા અંગે નાણાકીય જોગવાઈના આધારે ગ્રાન્ટમાંથી આવેલ એસટીમેન્ટોના સદર કામો માટે જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનો ઠરાવવામાં આવે છે.**

**કામ નં -૧. જાનું બેનના ઘર થી સરોજબેન ના ઘર સુધી કોન્ક્રિટ રોડ બનાવવા માટે રૂ.૩,૮૬,૦૦૦/- પુરા/-**

**૨. જયશ્રી બેન ના ઘર થી આરતી બેન ના ઘર સુધી કોન્ક્રિટ રોડ બનાવવા માટે ૩,૦૯,૯૦૦/- પુરા/-.**

**સ.મ.મંજુર..**

**જ.બો.ઠ.નં.-૬૧૪/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

કામ.નં.:- ૨૯

વિષય:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી ઉર્વશી રાજેશભાઈ પટેલની આવેલ દરખાસ્ત બાબતે...(ગટર, રસ્તા )

દ.મુ :- ઉર્વશી. રાજેશભાઈ પટેલ

ટે.આ. :- સોનલબેન કિશોરભાઇ પટેલ

ઠરાવ :- સભ્યશ્રી ઉર્વશી. રાજેશભાઈ પટેલ દ્વારા નીચે મુજબના કામો રજુ કર્યા તેમાં

૧). બરૂડિયાવાડ નવીનભાઈના ઘરથી યાદવનગર થઈ અશોકભાઇ ટ્રાવેલર્સ વાળાની ઘરથી પાછળવાળી ગટર. **[RCC]**

૨). સિપાઈવાળાની રસ્તાના કામ પહેલા ડ્રેનેજનું કામ[લાઇન] નાખવા

૩). ગંગલીખાડી / જોગિયાની નાળમાથી પસાર થાય છે. તે જર્જરિત હોવાથી રીપેરીંગ કરવા.

૪). વોર્ડ નં:-૨ ઢીંમ્મર શેરી નાનીમાતાના મંદીર પાસેનો રોડ જે ગઈ ટર્મમાં પેવરબ્લોક મંજુર કરેલ છે. એ તાત્કાલીક ધોરણે કરવા બાબત..

૫). તરીયાવાડ,ખાટકીવાડનો પાછળનો ભાગ પ્રકાશમિશ્રાના ઘરથી લઈ સરકારી સંઘ થઈ છીપવાડ સંઘ [જુની] સુધીની ખુલ્લી ગટર **RCC** બનાવવા.

ઉપરોક્ત કામો સરકારશ્રી ની આગામી મળનાર ગ્રાન્ટમાં/ યોજનાઓ / સ્વણિમ જયંતિ યોજના હેઠળ સમાવેશ કરી આગામી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનો ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.-૬૧૫/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

કામ.નં.:- ૩૦

વિષય:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન (ઝાકીર) પઠાણની આવેલ દરખાસ્ત બાબતે...(રખડતા પશુઓ)

દ.મુ :- મહેબુબ ગુલશેરખાન(ઝાકીર)

ટે.આ. :- સોનલબેન. કે પટેલ

સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણે જણાવ્યુ કે શહેરી વિસ્તારમાં રખડતા ઢોર મુખ્ય ચાર રસ્તા કે જંકશન ઉપર અવર – જવર અથવા આશ્રય કરવાથી ટ્રાફીક નિયમનમાં અડચણ સાથે જાહેર અકસ્માતો અને ગંદકીના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

હાલની પ્રવર્તમાન જોગવાઈઓ, કાયદાઓ અસરકારક નથી. સામાન્ય દંડના સાપેક્ષમાં અને ઢોર ડબ્બાઓમા પકડીને રાખવામા આવતા ઢોરની નિભાવણીનો ખર્ચ વધારે છે. વિગેરે બાબતો ઉપર વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી.

ઠરાવ :- ચર્ચા વિચારણા ના અંતે હાલમાં વલસાડ નગરપાલિકા હદમાં વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર રખડતા પશુઓની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં તા. ૩૦-૦૮-૨૦૧૮ થી તા.૧૨-૦૯-૨૦૧૮ સુધીમાં – ૯૫ જેટલા રખડતા પશુઓને પાંજરાપોળમાં મોકલવામાં આવેલ છે. તેમજ કાયમી ઉકેલ આવે તે માટે અન્ય પાંજરાપોળ જોડે પરામર્શ કરી નિતી નિયમો નક્કી કરી આગામી આયોજન કરી સેનેટરી શાખા ધ્વારા કાયમી ઉકેલ કરવા કામગીરી કરવાના પ્રયાસો હાથ ધરવાનો મંજુર કરવાનું ઠરાવવામાં આવેલ છે.

સ.મ.મંજુર..

**<u>જ.બો.ઠ.નં.-૬૧૬/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૩૧</u>**

**વિષય:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી યશેષ જે.માળી ની આવેલ દરખાસ્ત બાબતે...**

દ.મુ :- યશેષ જે.માળી

ટે.આ. :- ઉર્વશી. રાજેશભાઈ.પટેલ

<u>ઠરાવ :</u>- વલસાડ નગરપાલીકા સંચાલીત ડી.એમ.ડી.જી. હાઈસ્કુલની સવિસ્તૃત માહિતીઓ મુજબના ઇ.ચા. આચાર્યશ્રી DMDG. હાઈસ્કુલ પત્રનં. ૮૬ તા.૨૫-૧૦-૨૦૧૮ થી પાઠવવામા આવેલ છે.

સભ્યશ્રી યશેષભાઈ માલીએ જણાવ્યુ કે સને ૨૦૧૫ થી વિધ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. જૂના બિલ્ડીંગમાં સુધારો થતાં પ્રવેશ મેળવી શકે તેવી પરિસ્થિત હતી. નવું બનાવવાની જરૂર ન હતી.

નગરપાલિકાએ જે તે સમયે આ કામ અંગે કરેલ ઠરાવ માટે હાલમાં આ ચર્ચા ઉચિત નથી.

સૌ સાથે ભેગામળી સહયારા  પ્રયત્નો કરીએ વધુ બાળકો પ્રવેશ મેળવે જેથી  વિધ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય. તેવું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.-૬૧૭/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

કામ.નં.:- ૩૨

વિષય:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી ગિરીશભાઈ બી.દેસાઇની આવેલ દરખાસ્ત બાબતે...(સાતમા પગાર)

દ.મુ :- ગિરીશભાઈ બી. દેસાઇ

ટે.આ. :- સંજયભાઈ ડી. ચૌહાણ

ઠરાવ :- વલસાડ નગરપાલિકામાં પેન્શરોને નામદાર ગુજરાત સરકાર તરફથી સાતમા પગારપંચનો લાભ આપવા અંગેની રજુઆત આવેલ છે. નગરપાલિકા ધ્વારા જા.નં. ૩૪૭ / તા. ૨૦-૦૬-૨૦૧૭ થી મે.નિયામકશ્રી નગરપાલિકાઓ , ગાંધીનગર ને નિયત નમુનામાં સાતમા પગારપંચ અંગેની દરખાસ્ત સાદર રજૂ કરેલ છે. પરંતુ મંજુરી અર્થે હાલ સરકારશ્રીમાં પેન્ડિંગ છે. સદર દરખાસ્ત અંગે ફરીથી પત્ર પાઠવી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.-૬૧૮/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**કામ.નં.:- ૩૩**

**વિષય:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન (ઝાકીર) પઠાણની આવેલ દરખાસ્ત બાબતે...(છઠ પૂજા તહેવાર)**

**દ.મુ :- મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન પઠાણ**

**ટે.આ. :- સોનલબેન. કિશોરભાઇ પટેલ**

**ઠરાવ :- મોગરાવાડી, તથા અબ્રામા વિસ્તારમાં ઉત્તર ભારતીયોની વસ્તીને ધ્યાને લઈ, એમનો ધાર્મિક છઠ પૂજાનો તહેવાર (૧) મોગરાવાડી મોટા તળાવ ઉપર તથા (૨) અબ્રામા વાંકી નદી ઉપર મોટી સંખ્યામાં ઉજવતા હોય, સદર બંને જગ્યાએ ધાર્મિક પૂજા વિધી સલામત રીતે કરી શકે કોઈ અનિચ્છનીય/અકસ્માતના બનાવો ન બને સાવચેતી ના પગલાં રૂપે ધાર્મિક પ્રસંગોની જાણ કર્યેથી બંને જગ્યાએ પાળા – પગથીયા સુધીના બેરેકેટીંગ આયોજન અંગેની આગામી કામગીરી અબ્રામા ,મોગરાવાડી ,ઇ.ચા.અધિકારી ને સોપણી કરી કામગીરી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**<u>જ.બો.ઠ.નં.-૬૧૯/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>કામ.નં.:- ૩૪</u>**

**<u>વિષય:-</u> ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૫૧(૩) મુજબના કામ માટે સભ્યશ્રી ઉર્વશી રાજેશભાઈ પટેલની આવેલ દરખાસ્ત બાબતે...(અધિકારી/કર્મચારીની બદલી )**

**દ.મુ :- ઉર્વશી રાજેશભાઈ પટેલ**

**ટે.આ. :- સોનલબેન. કિશોરભાઇ પટેલ**

**સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ તથા ઉર્વશીબેન પટેલે જણાવ્યુ કઈ શાખામાં ફિક્સ પગારથી કેટલા કર્મચારીઓનો પગાર થાય છે? કયાં વર્ષથી ?**

**સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇએ જણાવ્યુકે ૨૦૦૬ થી કર્મચારીઓ ફિક્સ પગાર ઉપર છે. જેમાં અબ્રામા, મોગરાવાડી તથા જેસીબી ડ્રાઈવર વિગેરે કર્મચારીઓ ફિક્સ પગાર ઉપર છે.**

**સભ્યશ્રી ઉર્વશીબેન પટેલે જણાવ્યુ કે, વલસાડ નગરપાલિકામાં વર્ષોથી ધણા અધિકારી/કર્મચારીને બે થી ત્રણ ચાર્જ આપવામાં આવેલ છે. તેની જગ્યાએ એકજ અધિકારી/કર્મચારીને આપવામાં આવે તેમજ વર્ષોથી એકજ વિભાગમાં એકજ ટેબલ ઉપર વર્ષોથી કામ કરતાં અધિકારી/કર્મચારીઓની જાહેર વહીવટના વિશાળ હીતમાં તેમજ સરકારશ્રીના આદેશ અનુસાર પાંચ વર્ષથી ઉપરથી એકજ જગ્યાએ જે કોઈ અધિકારી/કર્મચારી ફરજ બજાવતા હોય, તેમને વિશાળ હીતના બદલી કરવી.**

**<u>ઠરાવ :-</u> વલસાડ નગરપાલિકાના જુદી જુદી શાખામાં ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓની બદલી સબંધે સર્વસામાન્ય ચોક્કસ નિતિ નક્કી કરી એક સુત્રતા જળવાય તેવું આયોજન કરવાનું તથા વહીવટી કામગીરીમાં વિક્ષેપ ઊભા ન થાય તે રીતે બદલીકરવાની સત્તા પ્રમુખશ્રી ,ચેરમેનશ્રી કારોબારી કમિટી તથા ચીફઓફિસરશ્રી ને આપવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

## અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં અન્ય વધારાના કામો :-

## જ.બો.ઠ.નં.-૬૨૦/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૧

વિષય:- કા.સ.ઠ.નં.-૨૦૫/તા:-૦૯/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, **DAY NULM** માં ઘર  વિહોણા લોકો માટે શેલ્ટર બનાવવા માટે.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૦૫/તા:-૦૯/૧૦/૨૦૧૮ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના **DAY NULM** ના **SUH** ઘટક અંતર્ગત ક્રમાંક નં – એસ.યુ એચ/16/ડી.પી.આર/2018-19/10886/તા. 31/08/2018 ના પત્રથી શેલ્ટર બનાવવા અંગેના દરખાસ્ત મંગાવવામાં આવી હતી. જે મુજબ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ની પાછળ શેલ્ટર હાઉસ બનાવવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીએ થી સાદર કરેલ છે જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ની સાથે ત્રણ માળનું મકાન અને કુલ 125 બેડની ક્ષમતાનો સમાવેશ કરેલ છે. આ શેલ્ટર હાઉસમાં પ્રાથમિક સુવિધા જેવી કે લૉકર,પીવાના પાણીની સુવિધા,લેડીજ-જેન્ટસ ટોઇલેટ બાથરૂમ ની સુવિધા,સી સી ટીવી કેમેરા,  રસોડાના  જરૂરી  સાધનો , ડાઈનીંગ હૉલ ,  ઓફિસ  વગેરે  બનાવવા  માટે  કુલ રૂ./- ૧,૧૧,૧૧,૨૦૦/- મંજૂર કરવામાં આવેલ છે. જે મુજબ સરકારશ્રીના પત્રોને ધ્યાનમાં લઈ ધોરણસરની જરૂરી દરખાસ્ત તૈયાર કરી નામદાર સરકારશ્રીમાં સાદર મોકલવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૨૧/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

<u>વ.કા.ન.૨</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.-૨૬૯/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા બાંધકામ સમીતી ઠરાવ નં. -૧૦ /તા.: ૧૦-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના રાખોડિયા તળાવ વિસ્તારમાં આજુબાજુના લોકોને પૂરતા પ્રમાણમાં પીવાના પાણી અંગેની સુવિધા પૂરી પાડવા પાણીની ટાંકી તથા સમ્પ બનાવવા અંગેનું કામ બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

<u>ઠરાવ.:-</u> કા.સ.ઠ.નં.-૨૬૯/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા બાંધકામ સમીતી ઠરાવ નં.-૧૦/ તા.:૧૦-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ, વ.ન.પા. ધ્વારા જુદા જુદા વિસ્તારોમાં જે તે સ્થળોએ ઓવરહેડ ટાંકી બનાવી જે તે સ્થળોએ પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે. નગરપાલિકામાં રાખોડિયા તળાવ તેમજ આજુબાજુના વિસ્તારમાં પીવાના પાણી સમસ્યા છે. જેને નિવારણ સદરહુ વિસ્તારમાં એક ઓવરહેડ ટાંકી તેમજ સમ્પ બનાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. અને રાખોડીયા તળાવ રામજી મંદીર પાસેના વિસ્તાર ઉચો હોવાથી સદરહુ વિસ્તારમાં પાણીની ટાંકી તેમજ સમ્પ બનાવવામાં આવે તો પીવાના પાણીનો પુરવઠો ખુબજ સરળતાથી સપ્લાય થઈ શકે છે. સદર કામે કમીટીમાં લાંબી ચર્ચા વિચારણા કરતાં સદરહુ વિસ્તાર સરકારી જમીન હોય, આ જમીનની સીટી સર્વે કચેરી મારફતે જરૂરી માપણી કરાવી આગળની કાર્યવાહી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વિશેષમાં ચેરમેનશ્રી ધ્વારા જણાવ્યુ કે, આપણાં વલસાડને અને વલસાડની જનતાને ઉનાળાના પાછલા ત્રણ મહિનામાં પાણી માટે જે આપણી નગરપાલિકા અને નગરજનોને વલખા મારવા પઠે છે. જેનો નિવારણના ફળ સ્વરૂપે આપણે આપણાં વોટરવર્કસ ખાતે આવેલ ડેમની આગળ ૨૦ થી ૨૫ મીટર આગળ નવો ડેમ બનાવવામાં આવે તો તેની ઉડાઈની ક્ષમતા વધારીને અને તેનો વ્યાપ વધારીને પાછલા બે મહીનાની (ઉનાળા) માટે અગમચેતીના પગલારૂપે કામ કરી શકાય એવું છે. તો નવા ડેમ માટેનું આયોજન શરૂ કરવું જોઈએ અને નવા ડેમ માટેના નિયમો અને કાર્ય પધ્ધતિનું આયોજન કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

## <u>જ.બો.ઠ.નં.-૬૨૨/ તા.30-૧0-૨0૧૮.</u>

<u>વ.કા.ન.3</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં.-૨૭0/તા:-૧૫/૧0/૨0૧૮ની તથા બાંધકામ સમીતી ઠરાવ નં. -૧૪ /તા.: ૧0-૧0-૨0૧૮ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રસ્તાઓ ઉપર ટ્રાફિક નિયંત્રણ/સુવિધા માટે નાખવામાં આવેલ સ્પીડબ્રેકર ઉપર ઝેબ્રા ક્રોશીંગ પેન્ટીંગ બનાવવા અંગેનું કામ બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં.-૨૭0/તા:-૧૫/૧0/૨0૧૮ની તથા બાંધકામ સમીતી ઠરાવ નં.-૧૪/ તા.:૧0-૧0-૨0૧૮ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં ડામર રસ્તાનું કામ કરવવામાં આવે છે. સદરહુ કામ કરતી વેળા જે તે વિસ્તારના શહેરીજનો ધ્વારા ડામર રસ્તા બનાવતી વખતે સ્પીડ બ્રેકર (બમ્પ) બનાવવાની ભલામણ કરતાં હોય છે. અને નગરપાલિકા ધ્વારા જરૂરીયાત જણાય ત્યારે સ્પીડ બ્રેકર (બમ્પ) બનાવી આપવામાં આવે છે. જ્યારે રસ્તા ઉપરથી પસાર થતાં વાહન ચાલકોને બમ્પ ઉપર ઝીબ્રાક્રોસીંગ (સફેદ/કાળા પટ્ટા) દોરવામાં આવે તો અકસ્માતના કિસ્સાઓ બનતા નિવારી શકાય તેમ છે. તો આ કામે જાહેર બાંધકામ શાખાના રોડ ઈન્સ્પેકટર ધ્વારા સર્વે કરી વલસાડ શહેરના આવેલ બમ્પોની યાદી બનાવી તેમના ઉપર ઝીબ્રા ક્રોસીંગ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

## જ.બો.ઠ.નં.-૬૨૩/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૪

વિષય:- કા.સ.ઠ.નં.-૨૭૧/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા બાંધકામ સમીતી ઠરાવ નં. -૧૯ /તા.: ૧૦-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ,વલસાડ શહેરમાથી નીકળતો સૂકો કચરો તથા ભીના કચરામાથી ખાતર બનાવવા અંગેના પ્લાન્ટનું કામ કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ:- કા.સ.ઠ.નં.-૨૭૧/તા:-૧૫/૧૦/૨૦૧૮ની તથા બાંધકામ સમીતી ઠરાવ નં. -૧૯ /તા.: ૧૦-૧૦-૨૦૧૮ ની ભલામણ મુજબ, તથા અગાઉની સામાન્ય સભામાં કચરા માંથી ખાતર બનાવવાનો પ્લાન્ટ M O U થયેલ છે. ડમ્પિન્ગ સાઈડની જગ્યા મળતા પ્રયોરીટીના ધોરણે કામગીરી હાથ ધરવા તથા વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નીકળતો સૂકો તથા ભીનો કચરાના નિકાલ માટે લાંબાગાળાનું આયોજન કરી આ નીકળતા કચરામાંથી જરૂરી પ્રોસેસ કરી ખાતર બનાવવા અંગેનો નવી ટેકનોલોજીવાળો અધ્યતન પ્લાન્ટ બનાવવાની જરૂર છે. તથા આવા મેગા પ્રોજેકટ બનાવી વલસાડ નગરપાલિકાની આગવી ઓળખ ઉભી થાય, તથા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૨૪/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

<u>વ.કા.ન.૫</u>

<u>વિષય:-</u> ફાયર શાખા મારફત નેશનલ ફાયર સર્વીસ-સ્ટેશન રોડ – વાપી પાસેથી ૧૦ **kg five Extinguisher** રીફીલીંગ તા.:- ૦૯/૧૦/૨૦૧૮ ના રોજ કરાવવામાં આવેલ છે.સદર બીલથી રકમ રૂ/- ૨૦,૦૬૬=૦૦ પૂરાનું આવેલ છે.જે મંજુર કરવા બાબત.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

<u>ઠરાવ:-</u> ફાયર શાખા મારફત નેશનલ ફાયર સર્વીસ-સ્ટેશન રોડ – વાપી પાસેથી ૧૦ **kg five Extinguisher** રીફીલીંગ તા.:- ૦૯/૧૦/૨૦૧૮ ના રોજ કરાવવામાં આવેલ છે. સદર બાબતે નવરાત્રીના પ્રસંગને લઈને કામગીરી અંગેનું બીલ તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ અત્રેની કચેરીએ મળેલ છે. તો આ અંગેનું બીલ રૂ./-૨૦,૦૬૬=૦૦ અંકે રૂપિયા વીસ હજાર છાસઠ પૂરાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૨૫/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૬</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં/.૧૫૯/તા.૧૦-૦૮-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના પ.વ.ડી. શાખા હસ્તક વ્હીકલ ફાયર ફાઇટર રજી.નં.-GJ-15-G-0462 માં રીપેરીંગ કામે આવેલ ભાવ પત્રક મંજુર કરવા બાબત.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં/.૧૫૯/તા.૧૦-૦૮-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના પ.વ.ડી.શાખાના ફાયર ફાયટર રજી.નં- GJ-15-G-0462 માં રીપેરીંગ કામે કંપની ઓથોડીલર તેજપાલ મોટર્સ પ્રા.લી., વાપી ના આવેલ એસ્ટીમેન્ટ રૂ/-૨,૩૨,૮૯૦/- અંકે રૂપિયા બે લાખ બત્રીસ હજાર આઠ સો નેવું પુરાનું આવેલ છે. તો સદરહુ આવેલ ભાવપત્રક મંજુર કરી, તેમજ સદરહુ રીપેરીંગની કામગીરી કરાવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**મંજુર...**

## જ.બો.ઠ.નં.-૬૨૬/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૭

વિષય:- કા.સ.ઠ.નં./.૧૬૦/તા.૧૦-૦૮-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના પ.વ.ડી. શાખા હસ્તક વ્હીકલ રજી.નં.-**GJ-15-G-0991** માં રીપેરીંગ કામે આવેલ ભાવ પત્રક મંજુર કરવા બાબત.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

ઠરાવ:- કા.સ.ઠ.નં./.૧૬૦/તા.૧૦-૦૮-૨૦૧૮ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના શાખાના ફાયર ફાયટર રજી.નં- **GJ-15-G-0991** માં રીપેરીંગ કામે કંપની ઓથોડીલર તેજપાલ મોટર્સ પ્રા.લી., વાપી ના આવેલ એસ્ટીમેન્ટ રૂ/-.૨,૪૦,૬૯૪/- અંકે રૂપિયા બે લાખ ચાલીસ હજાર છસો ચોરાણું પુરાનું આવેલ છે. તો સદરહુ આવેલ ભાવપત્રક મંજુર કરી, તેમજ સદરહુ રીપેરીંગની કામગીરી કરાવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

## <u>જ.બો.ઠ.નં.-૬૨૭/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>

<u>વ.કા.ન.૮</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં/.૨૮૬/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના સ્ટ્રીટ લાઇટ શાખામાં જુનો સ્ટ્રીટ લાઇટ મટીરીયલ્સ વિગેરે ભંગાર બાબતે નિર્ણય થવા બાબત.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં/.૨૮૬/તા.૧૫-૧૦-૨૦૧૮ તથા તા.:૧૫-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટીની ભલામણ મુજબ, સ્ટ્રીટ લાઇટ શાખા (વલસાડ શહેર), અબ્રામા ઝોન તથા મોગરાવાડી ઝોનમાં વર્ષો જુનો જર્જરીત સ્ટ્રીટ લાઇટ સામાનના નિકાલ સંદર્ભે નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરી નિકાલ કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>જર્જરીત સામાનની વિગત.</u>

૧) એલ્યુ તથા લોખંડના જર્જરીત ફીકર્ચસ નંગ-૩૯૦૬.

૨) એલ્યુ તથા લોખંડના TS જર્જરીત ફીકર્ચસ નંગ-૨૧૭૯.

૩) ઈલેક્ટ્રોનિક ચોક (પ્લાસ્ટીકના ) એલ્યુ. નંગ-૮૦૦૦.

મંજુર...

## જ.બો.ઠ.નં.-૬૨૮/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૯

વિષય:- કા.સ.ઠ.નં/.૨૮૭/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ફાયર ફાયટર ગાડી રજી.નં.**GTC-3440 /GTO-2074** સ્ટ્રીટવ્હીકલ કંદમ થવાથી હરાજી અંગે નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ:- કા.સ.ઠ.નં/.૨૮૭/તા.૧૫-૧૦-૨૦૧૮ તથા તા.:૧૫-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટીની ભલામણ મુજબ, પ.વ,ડી. શાખાના ડીપાર્ટ. વ્હીકલ ફાયર ફાયટર રજી.નં. **GTC -3440** તથા **GTO – 2074** વર્ષો જુની હોય (૨૫ વર્ષ) તથા સદર વ્હીકલ બીસ્માર હાલતમાં હોવાથી ફાયર ફાયટર તરીકે ઉપયોગમાં લઈ શકાય એમ નથી. તેથી સદર બંને વ્હીકલોની જાહેર હરાજી સંદર્ભે નિયમોનુસારની જરૂરી યોગ્ય આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

## જ.બો.ઠ.નં.-૬૨૯/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૧૦

વિષય:- કા.સ.ઠ.નં./.૨૮૮ તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ફાયર શાખામાં ફરજ બજાવતા કર્મચારી શ્રી બળવંતભાઈ જી.રાઠોડ જે ફાયર શાખામાં ચાલતી ત્રણ શીફ્ટ મુજબ નાઈટ ડ્યુટીની ફરજ બજાવતા બાબત.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

ઠરાવ:- કા.સ.ઠ.નં./.૨૮૮ તા.૧૫-૧૦-૨૦૧૮ તથા તા.:૧૫-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટીની ભલામણ મુજબ, સદર કાર્યવાહી વહીવટી પ્રકારની કામગીરી હોય નિયમોનુસારની જે તે કાર્યવાહી કરવા માટે પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

## જ.બો.ઠ.નં.-૬૩૦/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૧૧

વિષય:- કા.સ.ઠ.નં./.૨૮૯/ તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ફાયર એન્ડ લાઇટ શાખામાં દરેક વાયરમેને લાઇટ શાખામાં ચાલતી શીફ્ટ પ્રમાણે રોટેશન મુજબ નાઈટ ડ્યુટીની ફરજ બજાવવા બાબત.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

ઠરાવ:- કા.સ.ઠ.નં./.૨૮૯/ તા.૧૫-૧૦-૨૦૧૮ તથા તા.:૧૫-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટીની ભલામણ મુજબ, સદર કાર્યવાહી વહીવટી પ્રકારની કામગીરી હોય નિયમોનુસારની જે તે કાર્યવાહી કરવા માટે પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**જ.બો.ઠ.નં.-૬૩૧/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

**વ.કા.ન.૧૨**

**વિષય:-કા.સ.ઠ.નં./.૨૯૦/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ફાયર એન્ડ લાઇટ શાખામાં વાયરમેને તરીકે ફરજ બજાવતા કર્મચારીઓની તા:- ૧૫-૧૦-૨૦૧૮ ના રોજ આવેલ અરજી અન્વયે પેટ્રોલ એલાઉન્સ આપવા બાબતે નિર્ણય થવા બાબત.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**ઠરાવ:- કા.સ.ઠ.નં./.૨૯૦/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ તા.:૧૫-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટીની ભલામણ વંચાણમાં લઈ ચર્ચા વિચારણાના અંતે સરકારશ્રીના નિયત કરેલ નીતિનિયમો /ધારાધોરણો અનુસાર આગામી કાર્યવાહી કરવા માટે પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.**

**મંજુર...**

## <u>જ.બો.ઠ.નં.-૬૩૨/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>

<u>વ.કા.ન.૧૩</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં./.૨૯૧/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રીના તા:- ૨૩/૦૮/૨૦૧૮ ના રોજ વલસાડ ખાતે પધારનાર હોય,સદર કાર્યક્રમની શોભા વધારવા માટે વલસાડ નગરપાલિકાના જુદા જુદા મુખ્ય માર્ગો પર બેનર, હોડીંગ્સ, ૧૦×૧૦ દાંડાવાસ ફ્રેમ સહીત ફીટીંગના કામની વ્યવસ્થાનું આવેલ બીલ રૂ./- ૭૦,૦૦૦/- પૂરાનું મંજુર કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં./.૨૯૧/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના તા.:૨૩-૦૮-૨૦૧૮ ના રોજ વલસાડ ખાતે પધારનાર હોય, સદર કાર્યક્રમની શોભા વધારવા માટે વલસાડ નગરપાલિકાના જુદા જુદા મુખ્ય માર્ગો પર બેનર, હોડીંગ્સ, ૧૦×૧૦ દાંડાવાસ ફ્રેમ સહિત ફીટીંગના કાયની વ્યવસ્થા વાર્ષિક મંજુર થયેલ ભાવો મુજબ, રામગીર ડેકોરેટર્સ, મોટા પારસીવાડ, વલસાડ પાતે કરાવેલ. જે અંગે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂ/-. ૭૦,૦૦૦/- અંકે રૂપિયા સીત્તેર હજાર પુરાનું બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૩૩/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૧૪</u>**

**<u>વિષય:-</u> કારોબારી સમિતી ઠરાવ નં.૨૮૨/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લિમિટેડ કંપની સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઑ.સી. માટે હસ્તી એપાર્ટમેંટ મણિબાગ અબ્રામા, વલસાડની અરજી બાબત..**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u>** કા.સ.ઠ.નં./.૨૮૨/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળએ રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ કંપની, સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઓ.સી. માટે હસ્તી એપાર્ટમેન્ટ મણિબાગ, અબ્રામા, વલસાડની અરજી આવેલ છે. સદરહુ આવેલ અરજી જોડે રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ કંપની ધ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. નામદાર સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં.- ન.પા. / ૪૫૧૨ -૩૪૩૮, સચિવાલય, ગાંધીનગર, તા.: ૦૩-૧૦-૧૨ થી ઠરાવ્યા મુજબ ઉપરોક્ત કંપની ધ્વારા રજુ કરેલ દસ્તાવેજોમાં સ્ટ્રકચરલ રીપોર્ટ, સોસાયટીનો ઠરાવ, ગ્રામપંચાયત, અબ્રામા ધ્વારા આપવામાં આવેલ પરવાનગીની નકલ, તેમજ સદરહુ એપાર્ટમેન્ટ થયેલ દસ્તાવેજની નકલ, ઈન્ડેક્ષની નકલ, પ્રોપર્ટીકાર્ડની નકલ આ સાથે સામેલ રાખેલ છે. ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ સાથે 4G ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી ( એન.ઓ.સી. ) માંગણી નીચે જણાવેલ સ્થળ માટે કરવામાં આવેલ છે. સદરહુ કામે નિયત ફી વસુલાત કરી 4G ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી ( એન.ઓ.સી. ) આપવા અંગેની જરૂરી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | જમીનની વિગત. | વિસ્તાર/બિલ્ડીંગનું નામ |
|---|---|---|
| ૧ | સી.સ.નં. – ૫૫૫,<br>રે.સ.નં. -૧૩૯/૨ પૈકી, પ્લોટ નં. -૦૬ | હસ્તી એપાર્ટમેન્ટ મણિબાગ, અબ્રામા,<br>વલસાડ. |

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૩૪/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૧૫</u>**

**<u>વિષય:-</u> કારોબારી સમિતી ઠરાવ નં.૨૮૩/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લિમિટેડ કંપની સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઑ.સી. માટે નિષાર અહમદ ખાન, અનિશ અહમદખાન પઠાણ,ભૂતબંગલા ની બાજુમાં અબ્રામા રોડ,મોગરાવાડી વલસાડની અરજી બાબત**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> કારોબારી સમિતી ઠરાવ નં.૨૮૩/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળએ રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ કંપની, સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઓ.સી. માટે નિષાર અહમદખાન અનિશ અહમદખાન પઠાણ, ભુત બંગલાની બાજુમાં, અબ્રામા રોડ, મોગરાવાડી, વલસાડની અરજી આવેલ છે. સદરહુ આવેલ અરજી જોડે રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ કંપની ધ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. નામદાર સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં. -ન.પા. / ૪૫૧૨ – ૩૪૩૮, સચિવાલય, ગાંધીનગર, તા.: ૦૩-૧૦-૧૨ થી ઠરાવ્યા મુજબ ઉપરોક્ત કંપની ધ્વારા રજુ કરેલ દસ્તાવેજોમાં સ્ટ્રકચરલ રીપોર્ટ, ગામ નમૂનો નં.-૮-અ, નગરપાલિકા તરફથી મેળવેલ પરવાનગીની નકલ, સદરહુ જમીન તેમજ મકાનના માલિકીના પુરાવા હેઠળ દસ્તાવેજની નકલ આ સાથે સામેલ રાખેલ છે. ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ સાથે 4G ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી (એન.ઓ.સી.) માંગણી નીચે જણાવેલ સ્થળ માટે કરવામાં આવેલ છે. સદરહુ કામે નિયત ફી વસુલાત કરી 4G ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી ( એન.ઓ.સી. ) આપવા અંગેની જરૂરી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | જમીનની વિગત. | વિસ્તાર/બિલ્ડીંગનું નામ |
|---|---|---|
| ૧ | બ્લોક / રે.સ.નં.-૧૨૮/પૈકી ૨૬ | નિષાર અહમદખાન અનિશ અહમદખાન પઠાણ,<br>ભુત બંગલાની બાજુમાં,<br>અબ્રામા રોડ, મોગરાવાડી, વલસાડ |

**મંજુર...**

**<u>જ.બો.ઠ.નં.-૬૩૫/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૧૬</u>**

**<u>વિષય:-</u> કારોબારી સમિતી ઠરાવ નં.૨૯૨/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લિમિટેડ કંપની સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઑ.સી. માટે ઉષાદેવી મહેંદ્રપ્રસાદ તીવારી,મણીનગર,મોગરાવાડી, વલસાડની અરજી બાબત**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> કારોબારી સમિતી ઠરાવ નં.૨૯૨/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળે રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ કંપની, સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઓ.સી. માટે ઉષાદેવી મહેન્દ્રપ્રસાદ તીવારી, મણીનગર, મોગરાવાડી, વલસાડની અરજી આવેલ છે. સદરહુ આવેલ અરજી જોડે રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ કંપની ધ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. નામદાર સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં.-ન.પા. /૪૫૧૨ – ૩૪૩૮, સચિવાલય, ગાંધીનગર,તા.: ૦૩-૧૦-૧૨ થી ઠરાવ્યા મુજબ ઉપરોક્ત કંપની ધ્વારા રજુ કરેલ દસ્તાવેજોમાં સદરહુ જમીન તેમજ મકાનના માલિકીના પુરાવા હેઠળ દસ્તાવેજની નકલ આ સાથે સામેલ રાખેલ છે. ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ જોતાં 4G ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી ( એન.ઓ.સી. ) માંગણી નીચે જણાવેલ સ્થળ માટે કરવામાં આવેલ છે. સદરહુ કામે નિયત ફી વસુલાત કરી 4G ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી ( એન.ઓ.સી. ) આપવા અંગેની જરૂરી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | જમીનની વિગત. | વિસ્તાર/બિલ્ડીંગનું નામ |
|---|---|---|
| ૧ | સી.સ.નં.-૧૮૯૯, પ્લોટ નં.-૪,<br>જુનો સર્વે નં. -૧૪૦/૧/પૈકી ૧, | ઉષાદેવી મહેન્દ્ર પ્રસાદ તીવારી,<br>મણિનગર, મોગરાવાડી, વલસાડ |

**મંજુર...**

## <u>જ.બો.ઠ.નં.-૬૩૬/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>

<u>વ.કા.ન.૧૭</u>

<u>વિષય:-</u> વોડ નં.૫ માં વાવડી વિસ્તારમાં શૈલેષભાઈ પાંડે ના ઘરથી કિરણભાઈ પેઇન્ટરના ઘર આગળના વિસ્તારમાં વરસાદી ગટર(બોક્ષ ડ્રેઇન) બનાવવાના કામનો એસ્ટિમેટ રૂ. ૫,૫૬,૧૦૦/- મંજુર કરવા બાબત.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

<u>ઠરાવ:-</u> ઇજનેરશ્રી અને ચીફ ઓફિસરશ્રી ના રિપોર્ટ માં જણાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ વોર્ડ નં.-૫ માં વાવડી વિસ્તારમાં શૈલેષભાઈ પાંડેના ઘર થી કિરણભાઈ પેઇન્ટરના ઘર આગળના વિસ્તારમાં વરસાદની સીઝનમાં વરસાદી પાણી ખુબજ ભરાવો થાય છે. સદરહુ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી ગટર બનાવવાની જરૂરીયાત હોય, સદરહુ વિસ્તારની વરસાદી ગટર ( બોક્ષ ડ્રેઇન ) બનાવવાના કામનો આવેલ એસ્ટીમેન્ટ રૂ./-૫,૫૬,૧૦૦/- પુરાનો ( સને : ૨૦૧૫-૧૬ ના SOR મુજબ )આવેલ છે. નવા SOR મુજબ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી સદર કામ માટે નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

## જ.બો.ઠ.નં.-૬૩૭/ તા.૩૦-૧૦-૨૦૧૮.

વ.કા.ન.૧૮

વિષય:- કા.સ.ઠ.નં./.૨૯૭/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ "સ્લમ વિસ્તાર ,રામવાડી " માં ૧૯૩ મીટર લંબાઈ ૧૨ " ડાયાની ડ્રેનેજ લાઇન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂ/-૪,૫૮,૨૭૦/- મંજુર કરી કામગીરી કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ:- કા.સ.ઠ.નં./.૨૯૭/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રામવાડીના સ્લમ વિસ્તાર આવેલ છે. જેમાં ડ્રેનેજ લાઇનની સુવિધા નથી જેથી સદર વિસ્તારના રહીશો શૌચાલયની સુવિધા થી પણ વંચીત છે. જેથી સ્થળ તપાસ કરતાં રામવાડીમાં મેઇનરોડ સાઈડ લાઇન નાંખવામાં આવે તો ડ્રેનેજ લાઇનની સુવિધા આપી શકાય એમ છે. સદર નવી લાઇન નાખી સમસ્યાનું નિવારણ લાવવાનું સૂચન મળેલ છે. ઉપરોક્ત હકીકતોથી વિદીત થતાં ૧૯૩ મીટર લાઇનની ૧૨" ડાયાની નાખવા માટે સને ૨૦૧૭-૧૮ ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂ/-. ૪,૫૮,૨૭૦/- (ચાર લાખ અઠ્ઠાવન હજાર બસો સીત્તેર) થાય છે. નવા SOR મુજબ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી સદર કામ માટે નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૩૮/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૧૯</u>**

**<u>વિષય:-</u> અબ્રામા , ધારાનગર વિસ્તારની જુદી-જુદી ગલીઓમાં રસ્તાઓ ખરાબ હાલતમાં હોય, ડામર રસ્તા બનાવવાના કામનો રૂ/- ૫૭,૦૭,૫૪૬/- પુરાનો આવેલ એસટીમેન્ટ મંજુર કરવા બાબત..**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> ઇજનેરશ્રી અને ચીફ ઓફિસરશ્રી ના રિપોર્ટ માં જણાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં અબ્રામા, ધારાનગર વિસ્તારની જુદી – જુદી ગલીઓમાં રસ્તાઓ ખરાબ હાલતમાં હોય, તો સદરહુ ગલીઓમાં ડામર રસ્તા બનાવવાની રજુઆતો આવેલ છે. આવેલ રજૂઆત ને નિવારવા માટે ડામર રસ્તા બનાવવાના કામનો એસ્ટીમેન્ટ રૂ/-.૫૭,૦૭,૫૪૬/- પુરાનો આવેલ છે. ( સને : ૨૦૧૫-૧૬ ના SOR મુજબ )આવેલ છે. નવા SOR મુજબ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી સદર કામ માટે નિયમોનુસાર ટેન્ડરીંગ પ્રક્રિયા કરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**મંજુર...**

## <u>જ.બો.ઠ.નં.-૬૩૯/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>

<u>વ.કા.ન.૨૦</u>

<u>વિષય:-</u> કા.સ.ઠ.નં./.૨૭૬/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં છીપવાડ ઓધવરામ નગરની સોસાયટીના મેઇન રોડ ક્રોસીંગ પાસે વરસાદી ગટર(બોક્ષ ડ્રેઇન) બનાવવાના કામનું એસટીમેઈટ રૂ/-૧,૮૭,૪૦૦/- મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં./.૨૭૬/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં છીપવાડ ઓધવરામ નગરની સોસાયટીના મેઇન રોડ ક્રોસીંગ તેમજ બેચર રોડ ઉપર આવેલ APMC માર્કેટના બીજા ગેટ સામેના ક્રોસીંગ જર્જરીત હાલતમાં હોવાથી નગરપાલિકા ધ્વારા તોડી નાંખવામાં આવેલ છે. જેથી સદરહુ છીપવાડ વિસ્તારમાં ઓધવરામ નગરની સોસાયટીમાં વેપારીઓની દુકાન આવેલ હોય, સદરહુ વિસ્તારમાં હેવી વાહનોની અવર-જવર રહેતી હોય, સદરહુ વિસ્તારમાં વરસાદી ગટરનું ક્રોસીંગ બનાવવું ખુબજ જરૂરી હોય, સદરહુ સમસ્યાને નિવારણ માટે વરસાદી ગટર (બોક્ષ ડ્રેઇન) બનાવવાના કામનો રૂ./- ૧,૮૭,૪૦૦/- પુરાનો આવેલ એસ્ટીમેઈટ (સને: ૨૦૧૫-૧૬ ના મુજબ) આવેલ છે . નવા SOR મુજબ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી સદર કામ માટે નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૪૦/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૨૧</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં./.૨૯૩/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારના ડિવાઇડરની બાજુના MS સ્ટ્રીટલાઇટના ઉચા પોલ બદલવા બાબત..**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં./.૨૯૩/તા.૧૫-૧૦-૨૦૧૮ તથા તા.: ૧૫-૧૦-૨૦૧૮ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટી ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ડીવાઇડરની બાજુમાં MS પોલ મુકવામાં આવેલ, સદરહુ પોલ વર્ષો જુના ( ૨૨ વર્ષ) હોય, તથા આ સ્ટ્રીટલાઇટ પોલ ખુબ જ જર્જરીત હાલતમાં હોય, પોલ પાડવા બાબતના બનાવો પણ બનાવા પામેલ છે. તેમજ આ પોલોને લાગુ રસ્તાઓમાં શહેરીજાણો તથા વાહન ચાલકોની ભારે ભીડ રહેતી હોવાથી, આકસ્મીક સંજોગોમાં પોલ પડવાથી શહેરીજનોના જાનમાલને નુકશાન થવાની સંભાવના રહેલ છે. સદરહુ જર્જરીત ઈલે. પોલની રજુ કરેલ યાદી નીચે મુજબ છે.**

**ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણા કરતાં સદર MS ઈલે.પોલ બદલી તેને જગ્યાએ GI પાઇપ ઓકટ્રો ગોનાલ ( ૯ મીટર તથા ૧૧ મીટર જરૂરીયાત મુજબના સ્ટ્રીટ લાઇટ પોલ તથા તેમાં જરૂરી એવા અંડરગ્રાઉન્ડ કેબલ નવા નાખવા નાંણાકીય જોગવાઇ કરી જરૂરી નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | વિસ્તારોના નામ | નંગ |
|---|---|---|
| ૧ | છીપવાડ જકાતનાકાથી ધરમપુર રોડ આર.પી.એફ ગ્રાઉન્ડ સુધી | ૮૨ |
| ૨ | તરીયાવાડ બંદરથી તરીયાવાડ પાણીની ટાંકી સુધી | ૨૫ |
| ૩ | સ્ટેડીયમ રોડ | ૦૯ |
| ૪ | હાલર રોડ ગૌરવ પથ | ૫૨ |
| ૫ | હાલર સરકીટ હાઉસ થી હાલરતળાવ સુધી | ૧૨ |
| ૬ | ડી.એસ.પી. ઓફીસ થી તીથલ રોડ જકાત નાકા સુધી | ૫૦ |
| ૭ | મોગરાવાડી પાદર દેવી માતાના મંદીરથી મોગરાવાડી ઝોન સુધી | ૧૩ |
| | કુલ.. | ૨૪૩ |

**મંજુર...**

**<u>જ.બો.ઠ.નં.-૬૪૧/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૨૨</u>**

**<u>વિષય:-</u> કા.સ.ઠ.નં./.૨૯૯/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નાના તાઈવાડ મસ્જીદની બાજુમાં વલીના ઘર પાસેના વિસ્તાર અને મંદીર પાસે, પેવરબ્લોક બેસાડવાની કામગીરીનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂ/-. ૩,૫૧,૦૦૦/- પુરાનું મંજુર કરવા બાબત..**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> કા.સ.ઠ.નં./.૨૯૯/તા.૧૫-૧૦-૨૦૧૮ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ના તાઈવાડ મસ્જીદની બાજુમાં વલીના ઘર પાસેના વિસ્તાર અને મંદીર પાસે, પેવરબ્લોક બેસાડવાની જરૂરીયાત છે, સદરહુ પેવર બ્લોક બેસાડવા અંગેની કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂ/-. ૩,૫૧,૦૦૦/- અંકે રૂ/-. ત્રણ લાખ, એકાવન હજાર પુરાનું નાણાંકીય જોગવાઈ મુજબ કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**મંજુર...**

**<u>જ.બો.ઠ.નં.-૬૪૨/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૨૩</u>**

**<u>વિષય:-</u> ઓ.ડી. એફ પ્લસ તથા સ્ટાર રેટિંગ ને લગતી દરખાસ્ત કરવા બાબત.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**<u>ઠરાવ:-</u> નામદાર સરકારશ્રી દ્વારા હાલે સ્વરછ ભારત મિશન અર્બન કાર્યક્રમ અમલ માં મુકેલ છે. આ કાર્યક્રમ ૨૦૧૯ સુધી ચાલવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત હાલે સ્વરછતા સર્વેક્ષણ ૨૦૧૯ કાર્યક્રમ ચાલી રહેલ છે. જેનું સર્વેક્ષણ જાન્યુવારી ૨૦૧૯ ના માસમાં યોજાનાર છે.**

**સ્વરછ ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત ના.સરકારશ્રી દ્વારા જુદા જુદા કોમ્પોનન્ટો નકકી કરવામાં આવેલ છે. અને આ નક્કી કરવામાં આવેલ કમ્પોનન્ટ મુજબ હાલે નગરપાલિકા એ કામગીરી કરવાની થાય છે. આ નક્કી થયેલ કમ્પોનન્ટ પૈકી બે કમ્પોનન્ટ (૧) ઓ.ડી.એફ + તથા (૨) તથા સ્ટાર રેટિંગ ઓફ ગારબેજ ફ્રી સીટી ઉપર સરકારશ્રી દ્વારા નક્કી કરેલ ગાઈડ લાઇન મુજબ નગરપાલિકાએ કામગીરી કરી તે અંગેની દરખાસ્ત નામદાર સરકારશ્રી ને કરવાની થાય છે. જે દરખાસ્ત કરવા માટે જે કોઈ કાર્યવાહી કરવાની થાય છે તે કાર્યવાહી કરવાની સત્તા મે.પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકા તથા ચીફ ઓફિસરશ્રી વલસાડ નગરપાલિકા ને આપવાનું ઠરાવવામાં આવે છે.**

**મંજુર...**

**જ.બો.ઠ.નં.-૬૪૩/ તા.૩૦-૧૦-૨૦૧૮.**

વ.કા.ન.૨૪

વિષય:- સ્વચ્છતા અભિયાન અંગે જનજાગૃતિ લાવવા દૈનિક પેપરોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત...

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

ઠરાવ:- હાલે સરકારશ્રીની સ્વચ્છતા સર્વેક્ષણ તથા નગરપાલિકાની ઓનલાઈન ફરિયાદ અંગેની સેવાઓ આપતા મોબાઈલ નંબર તેમજ ઇ-નગર રજીસ્ટ્રેશન અંગેની પ્રક્રિયાઓ વિગેરેની માહિતીઓ શહેરી જનોને પાઠવવા. તથા સદર બાબતોનો વધુમાં વધુ લોકો નગરપાલિકાની સેવાઓનો લાભ લઈ શકે એવા ઉદ્દેશથી જનજાગૃતિ ફેલાવવાના અભિયાન સાથેનો સંદેશ શહેરી જનોને આપવાનું નક્કી કર્યું. સ્વચ્છતા અને નગરપાલિકાની સેવાઓ સાથે સાંકડી લઈ એવો ઉમદા હેતુ દાખવી જાહેર જનતાને મદદ રૂપ થવાની અપીલ ના ભાગ રૂપે સંદેશો પાઠવવા સબંધે દૈનિક પેપરોમાં બહોળી પ્રસિધ્ધ કરવા સ્થાનિક મુખ્ય પેપરમાં રૂ/-.૧૦,૦૦૦/-, સાપ્તાહિક પેપરોમાં રૂપિયા ૫,૦૦૦/- તથા અન્ય પેપરોમાં રૂ/-. ૩,૦૦૦/- ની મર્યાદામાં જાહેરાત પ્રસિધ્ધ કરવા અંગે આગામી કાર્યવાહી કરવામાં ઠરાવવામાં આવે છે.

મંજુર...

**<u>જ.બો.ઠ.નં.-૬૪૪/ તા.૩૦-૧૦-૨૦૧૮.</u>**

**<u>વ.કા.ન.૨૫</u>**

**<u>વિષય:-</u> પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અને પેટા નિયમો-૨૦૧૮" અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોના અમલીકરણ બાબત...**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

**ઠરાવ:- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અને પેટા નિયમો-૨૦૧૮" અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોના અમલીકરણ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ – ૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રી ના વનપર્યાવરણ મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના વલસાડ શહેરમાં અમલીકરણ માટે વલસાડ નગરપાલિકા વલસાડના પેટા નિયમો – ૨૦૧૮ જ.બો.ઠ.નં.:-૫૬૮ /૨૪/૦૭/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જેને વલસાડ નગરપાલિકા વલસાડના "પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો – ૨૦૧૮" તરીકે માન્ય રાખી સદર નિયમોનું અમલીકરણ તા.૦૧/૧૧/૨૦૧૮ થી કરવાનું ઠરાવેલ છે.**

**સરકારશ્રીના પ્રવર્તમાન અને સમયાંતરે બહાર પડતાં નીતિનિયમો/પરિપત્રો/નોટીફીકેશનોનું વલસાડ શહેરમાં અમલવારી કરાવવા ઓફીસ કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા અર્થેની સત્તા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી કારોબારી સમિતિ , ચેરમેનશ્રી સેનેટરી કમિટિ અને મુખ્ય અધિકારીશ્રી ને આપવાનું ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત કામે પ્રચાર પ્રસાર અંગેની કામગીરી અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.**

**મંજુર...**

સભાનું કામકાજ પુર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌનો અભાર વ્યકત કરી જણાવ્યુ કે, હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે. આપણે સૌ " જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભાનું કામકાજ પૂર્ણ કરીએ....." જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભા પુર્ણ થઈ.....

નગરપાલિકા કચેરી
વલસાડ.
તા:- ૨૨/૧૧/૨૦૧૮

(પંકજ ઠાકોરભાઇ આહીર )
પ્રમુખ
વલસાડ નગરપાલિકા